નીલનેની



સા. અ. દવે

પ્રોફેસર બેઇન કૃત

નીલનેની

પ્રકાશક

જીવનલાલ અમરશી મહેતા

સંપાદક–"વિચારપુષ્પમાળા"; અમદાવાદ

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૧૦૦
વિ. સં. ૧૯૭૩ ઇ. સ. ૧૯૧૭

Ah! Lotus infinite! ah! wild sweet Blue!
Sense, in thy azure ocean dipped, must die.

છાપનાર દેવીદાસ છગનલાલ પરીખ,
ધ ડાયમંડ જ્યૂબિલી પ્રેસ, સલાપોસ રોડ, અમદાવાદ

"વિચારપુષ્પમાળા;" વર્ષ ત્રીજું, પુસ્તક પહેલું

નીલનેની

પ્રોફેસર એફ. ડબલ્યુ. બેઇનના

અંગ્રેજી પુસ્તક ઉપરથી.

અનુવાદ કરનાર

સાકરલાલ અમૃતલાલ દવે,

બી. એ.

અમદાવાદ

लब्धदिव्यरसास्वादः को हि रज्येद्रमान्तरे ।

કિંમત આઠ આના

समानयंस्तुल्यगुणं वधूवरं
चिरस्य वाच्यं न गतः प्रजापतिः ।

મ્હારી પત્નીને

પ્રસ્તાવના

પ્રોફેસર બેઇનની બીજી એક વાર્તા—A Draught of the Blue–ગુજરાતના રસિક વાચકવર્ગ સમક્ષ રજૂ કરતાં આનન્દ થાય છે. પ્રો. બેઇન પોતાની પ્રતિભાથી કેવી મનોહર કથાઓ લખે છે એમ દર્શાવનાર એક નોંધ આ પુસ્તકને અન્તે પરિશિષ્ટમાં આપી છે. છતાં, ‘ અનંગભસ્મ ’ની પ્રસ્તાવનામાં સૂચવેલી શંકા તો ખરી જ પડી છે. ‘ સુન્દરી સુબોધ ’ના નવેંબર ૧૯૧૪ તથા જાન્યુઆરિ ૧૯૧૬ ના અંકોમાં પ્રગટ થએલી ‘ કનકમંજરી ’ની કથા, તેમજ મિ. બેઇનની The Descent of the Sun નામની વાર્તા, આપણા સુપ્રસિદ્ધ કથાસરિત્સાગરના ચતુર્દારિકાલંબક

ઉપરથી લખાએલી સ્પષ્ટ જણાઇ આવે છે.+ નામમાં

+ નમૂના તરીકે સરખાવો—

ततो राजा प्रतीहारमानीयादिशति स्म सः ।
गच्छ भ्रमय कृत्स्नेऽत्र पुरे पटहघोषणाम् ॥

× × ×

विप्रः क्षत्रयुवा वा कनकपुरीं योत्र दृष्टवान्नगरीम् ।
वदतु स तस्मै राजा ददाति तनयां च यौवराज्यं च ॥
(कथासरित्सागर)

Then he dismissed his daughter, and summoned his chamberlains, and said to them : Get criers, and send them through the city, and let them proclaim by beat of drum.

* * * *

Whatsoever high-caste man has been to the Land of the Lotus of the Sun, let him come to the King: he shall share the King's kingdom, and marry the King's daughter.

—(*The Descent of the Sun*, *pp*. 29-30)

ફેરફાર છે, પણ કથાનું વસ્તુ બહુધા સરખું છે.

પ્રકૃત કથા એક રસમય કથા હોવા ઉપરાંત, મ્હારા નમ્ર અભિપ્રાય પ્રમાણે, એક ન્હાનકડું ગદ્ય કાવ્ય છે. અને એની કવિતાથી લોભાઇ મ્હને એનું પ્રતિબિંબ ઊતારવાનું મન થયું. પ્રયત્ન કેટલે અંશે સફળ થયો છે તેની તુલના રસિક વાંચનાર જ કરશે. કથામૃતનો સ્વાદ, પાનાર કરતાં પીનાર જ વધારે સમજી શકે. હું તો એટલું જ વીનવું છું, કે

(ઉપજાતિ)

દોષો હશે આ કૃતિ માંહિ ઝાઝા,
તથાપિ સુજ્ઞો નહિ તુચ્છકારે:
કાંટા જ હોયે બહુ કેવડામાં,
અંબોડલે તે ન ધરે શું શ્યામા ?*

* સંસ્કૃત ઉપરથી.

છેવટે, આ કથાનો અનુવાદ કરવાની રજા, પહેલાંની પેઠે જ, સત્વર અને ઉદારબુદ્ધિથી આપવાને માટે વિદ્વાન પ્રોફેસર સાહેબનો હું ઋણી છું.

અમદાવાદ
ડિસેમ્બર ૧૩, ૧૯૧૬.

સા. અ. દવે

અનુક્રમણિકા

શુદ્ધિ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૯	૧૨	ગાર	ગૌર
૨૩	૭	ચમી	ચૂમી
૩૭	ફુટનોટ	....	*ચન્દ્ર
૬૨	૭	તાએ	પિતાએ
૬૩	૧૪	૦ વાસિત	૦ સેવિત
૭૯	૩	વલક્ષણ	વિલક્ષણ

" વિચારપુષ્પમાળા "

સાહિત્યપ્રિય રા. રા. નૃસિંહદાસ ભ. વિભાકર

બેરીસ્ટર-ઍટ-લૉએ

બે વર્ષથી મુંબઈમાં આ "પુષ્પમાળા" શરૂ કરી છે. તેના પહેલા તથા બીજા વર્ષનાં આઠ પુસ્તકો તેમની તરફથી બહાર પડી ગયાં છે, અને ત્રીજા વર્ષથી એટલે ૧૯૧૭ થી તે પ્રસિદ્ધ કરવાનું તથા ચલાવવાનું અમે સ્વીકાર્યું છે.

ત્રીજા વર્ષના પહેલા પુસ્તક તરીકે પ્રો. બેઈનની નવલકથા **"નીલનેની"** નામે અમારી તરફથી સુજ્ઞ ગ્રાહકોને અપાય છે. આ સુન્દર પુસ્તકનું ભાષાન્તર પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજના સાહિત્યપ્રેમી શિક્ષક રા. રા. સાકરલાલ અમૃતલાલ દવે બી. એ. એ સરલ ભાષામાં કરેલું છે. કાગળ વગેરેની અત્યંત મોંઘવારી છતાં એન્ટિક કાગળમાં ઉત્તમ રીતે છાપેલું છે, એ મારે જણાવવાની જરૂર નથી; કેમકે પુસ્તક જાતેજ તે વાત કહેશે. બીજાં પુસ્તકો પણ આવીજ રીતે છપાશે.

"**વિચાર-પુષ્પમાળા**"નું ચાલુ સાલનું બીજું પુસ્તક મહાત્મા **જેમ્સ એલન**ના મનનીય પુસ્તક ઉપરથી "**સ્વર્ગની સામગ્રી**" નામે બહાર પડશે, અને ત્રીજા પુસ્તક તરીકે **ગુજરાતી સંવાદો**નો સંગ્રહ આપવાની ધારણા છે, અને તેનું કામ ચાલુ છે.

"પુષ્પમાળા" ના ગ્રાહકોને કેટલાંક પુસ્તકો ચાલુ વર્ષમાં અર્ધી કિંમતે આપવાની ગોઠવણ કરી છે, તેની સવિસ્તર માહિતી માટે અર્ધા આનાની ટીકીટ મોકલવી.

"**પુષ્પમાળા**"નું **વાર્ષિક લવાજમ** રૂ. ૧-૦-૦ (પોસ્ટેજ સાથે) તથા વિ. પી. નો રૂ. ૦-૧-૦ મળીને રૂ. ૧-૧-૦ થાય છે. માટે ગ્રાહક થઇ આ સર્વે લાભ લેવા ગુર્જર વાચકોને વિનંતી છે. લખોઃ—

જીવનલાલ અમરશી મહેતા,

સંપાદક, "વિચારપુષ્પમાળા"; **અમદાવાદ.**

નીલનેની

जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः ।
नास्ति येषां यशःकाये जरामरणजं भयम् ॥

આમુખ

કરમાએલું કમળ

મંગળાચરણ

જેમાં એક હજાર વર્ષ પર્યંત ગંગાજીને ભટકવું પડ્યું,* અને જ્યાં ખળખળ વ્હેતા સરિત્પ્રવાહના તરંગોમાં નાચતાં અગણિત પ્રતિબિંબો જોઈ લજ્જા પામી ચન્દ્રરેખા રાખ જેવી ફીકી પડી ગઈ, તે શ્યામ પ્રૌઢ જટાજૂટના વનને અમારા પ્રણામ હો.

---

* સ્વર્ગમાંથી પડતાં ગંગાજીને મહાદેવે પોતાની ભવ્ય જટામાં ધારણ કર્યાં હતાં અને ત્યાંથી બહાર નીકળતાં તેમને એક હજાર વરસ વીતી ગયાં એ કથા પુરાણપ્રસિદ્ધ છે.

श्रियं दिशतु वः शंभोः श्यामः कण्ठो मनोभुवः ।
अंकस्थपार्वतीदृष्टिपाशैरिव विवेष्टितः ॥

× × × × ×

पातु वो नीलकण्ठस्य कण्ठः श्यामांबुदोपमः ।
गौरीभुजलता यत्र विद्युल्लेखेव राजते ॥

દક્ષિણાટવીના પ્રાન્તભાગમાં એક હજાર વરસ ઉપર એક વૃદ્ધ રાજારાણી રહેતાં હતાં. તેમને કોઈ વારસ ન્હોતો. અપુત્રતાને લીધે તેમને આખું જગત તૃણવત ભાસતું હતું. બીજા સર્વ ઉપાયો વ્યર્થ જતા જોઇ આખરે તેમણે **મહેશ્વરના** પદારવિન્દનું અહોરાત્ર ધ્યાન ધરવા માંડયું. અન્તે તે અપુત્ર દંપતી ઉપર દયા કરીને **મહેશ્વરે** બંનેને એકી વખતે સ્વપ્નમાં દર્શન દીધાં. તમારે શું જોઇએ છે એમ પૂછતાં રાજાએ માત્ર પુત્ર માગ્યો; પણ રાણીના હૃદયમાં **મહાદેવની** ચન્દ્રપ્રકાશિત જટાનાં દર્શનથી ઊંડો ભક્તિભાવ ઊભરાઇ આવ્યો, અને તે બોલી ઊઠી: હે વરદાતા, મ્હને તમારા જેવો પુત્ર આપો; પછી ભલે તે અલ્પાયુષ હોય. તમારા કેશના ગુચ્છાનો છેડો મ્હને અડકાડશો એટલે મ્હારામાં તમારી દિવ્ય-

તાનો સ્હેજ અંશ આવશે. શિવે વિચાર કર્યો: આ માનવીથી મ્હારો અણુમાત્ર અંશ પણ જીરવી શકાશે નહિ, અને તે આકુળવ્યાકુળ થઈ જશે. પરંતુ આ માતાના અભિલાખ ભલે પૂર્ણ થાઓ. કેમકે તેણે માગવું હતું તે માગ્યું છે, અને મ્હેં પહેલેથી વરદાન આપ્યું છે. વળી હું જાણું છું કે તેને પૂર્વજન્મનાં ફળ ભોગવવાનાં છે.

પછી તેમણે પોતાના માથાનો એક વાળ લઈ તોડયો, તેના હાથમાં મૂકયો, અને ત્યાંથી અલોપ થઇ ગયા. રાજારાણી જાગ્યાં એટલે પોતાનાં સ્વપ્નો પરસ્પર કહેવા લાગ્યાં. સ્વપ્નો મળતાં આવ્યાં. એ-વામાં જોયું તો રાણીના હાથમાં સજડ પકડાએલો અને ધગધગતા સળીઆ પેઠે ચળકતો એક વાળ નજરે પડયો !

પછી હરખભેર તેમણે મહાદેવની પૂજા કરી, અને પેલા વાળને એક સોનાની દાબડીમાં મૂકી તેના ઉપર એક દેવાલય બંધાવ્યું. પછી યોગ્ય સમયે

રાણીને પુત્ર સાંપડયો. તેનું નામ રુદ્રાલક* પાડયું. નામ યથાર્થ હતું; કેમકે બાળક મ્હોટો થયો ત્યારે તેના જાડા કાળા કેશ રતાશ પકડવા લાગ્યા, તડકામાં ભડકાની પેઠે પ્રકાશવા લાગ્યા, અને ઘોડાની ચાળ જેવા દેખાવા લાગ્યા. વળી તે પુખ્ત ઉંમરનો થયો ત્યારે તેનામાં અતુલ બળ આવ્યું; અને બળના પ્રમાણમાં તેના મનોવિકાર ઉગ્ર ને ઉન્મત્ત થવા લાગ્યા. એક પાણીદાર વછેરાની પેઠે તે વંઠી જવા લાગ્યો, અને એટલો તો હઠીલો ને માથાનો ફાટેલો થઈ ગયો, કે તેના બાપ તેની માને એકાન્તમાં કહેવા લાગ્યા: પ્રિયે, તારા હાથમાંનો વાળ તો રાતો હતો, પણ આ તારો છોકરો **મહાદેવજી** જેવો નહિ પણ એમના **નન્દી**† જેવો નીકળશે એમ લાગે છે.

અને તેની જવાની પૂરેપૂરી જામી ત્યારે ચો-

---

* શિવનો વાળ.

† **મહાદેવની** જટાના વાળ રાતા હોય છે, અને તેમના **નન્દીના** વાળ ધોળા હોય છે.

માસાની ઊભરાઇ જતી નદીની પેઠે તે માઝા મૂકવા લાગી. રાજપુત્રે સ્ત્રીપુરુષોમાં ઉન્મત્ત થઈ ફરવા માંડ્યું: પુરુષોને બળ ને ચાલાકીના દરેક દાવમાં હરાવવા માંડ્યા, અને ફૂલવાડીમાં ફરતા મ્હોટા કાળા ભ્રમરની પેઠે સર્વ સ્ત્રીઓનો મધુરસ હરી લેવા માંડયો. તેણે એવો ત્રાસ વર્તાવ્યો, કે તેના રાતા વાળના તોફાને જાણે તેનાં માબાપના વાળ ધોળા થઈ ગયા. તેમણે વિચાર કર્યો: ચાલો, આપણે એને પરણાવી દઈએ, એટલે જરૂર એ શાન્ત થઇ જશે, ઊભરો આવેલા જલદ દારૂની પેઠે હેઠો બેસશે, અને પછી કુળ તથા રાજ્યના સ્તંભરૂપ બનશે. પરંતુ તેમણે એના મ્હોં આગળ વિવાહની વાત કહાડી કે તરતજ તેણે તેમને હસી કહાડ્યાં. તેણે કહ્યું: ફૂલ કરમાઇ જાય ત્યારે તેને કોણ પોતાની પાસે રાખે છે? અને સ્ત્રીઓ ફૂલ જેવી જ નથી? ફૂલની પેઠે ખીલતી હોય ત્યારે જ તેઓ ગ્રાહ્ય હોય છે, અને થોડા સમય પછી ત્યાજ્ય બને છે. તેજ ડાહ્યો

કહેવાય, જેને મધમાખીનું મધ લેતાં આવડે છતાં ડંખ ના વાગે. કુમારિકા એ કેવળ મધ છે, પણ પત્ની એક ગણુગણુતો ડંખ છે. વળી, ડુંગર, સાપ, આગ, ને મૃગજળની પેઠે સ્ત્રીઓ દૂરથી જ રળિ-યામણી છે, અને એ તો જેમ વેગળી તેમ જ સા-રી: કારણ કે તેમની પેઠે તેઓ બહુ પાસે આવ-નારને વસમી, ડસનારી, બાળનારી, ને છેહ દેનારી છે. પણ સૌથી મોટું દુઃખ તો એ છે, કે દરેક સ્ત્રી રાજાની પેઠે એકલી જ રાજ્ય કરવા ઇચ્છે છે અને સ્વપ્નમાં પણ સપત્નીનું નામ સરખું સાંખી શકતી નથી. તેથી દરેક પતિને પોતાની પત્ની કાં તો એક જુલમી રાજા જેવી અથવા તો ક્રોધાગ્નિથી બળતા શત્રુ જેવી લાગે છે, અને તેને તદન આધીન થયા સિવાય તે તેની પ્રીતિ મેળવી શકતો નથી. આ પ્રમાણે જેમ એક ઉમદા વૃક્ષને એક સુન્દર વેલી વળગે, કપટથી ચૂમે, ને અકાળે ચૂસી લે, તેમ પતિનું જીવન પત્ની ચૂસી લે છે અને તેને નીરસ

કરી દે છે. અને પુષ્પ ગમે તેટલું શોભીતું હોય પણ હું કદી વૃક્ષ થાઉં નહિ: તેમ જ રાધા કરતાં એ દસહઝાર ગણી સુન્દર પત્ની મળતી હોય, તો પણ એક દિવસનું એ દાસ્ય વેઠવાની સરતે હું તેનો પતિ થાઉં નહિ. અને જે વસ્તુ વિના મૂલ્યે આપોઆપ મળી આવે છે તેને આટલી બધી કિંમતે વેચાતી લેવાની જરૂર પણ શી છે? સ્ત્રીઓ હંમેશ અંગદા હોય છે અને અપરિચિત પુરુષોની જ વાંછના કરે છે; પતિનું વ્હાલ વીસરી જાય છે, કૃતઘ્ન બને છે, અને પતિના દોષ જ એમની નજરે તરે છે; અને પરાયો પુરુષ દીઠો કે તરત જ એમનું હૃદય ચોરાયું સમઝવું: અને તે પણ તે પરાયો રહે ત્યાં સુધી જ. કારણ કે **મદનદેવ** પોતે જ પરાયા છે, અને પરાયા મટી પરિચિત થાય એટલે સ્વસ્વરૂપ ભૂલવાના જ. સ્ત્રીઓનું જીવન **મદનદેવ**ને અર્થે જ છે; કેમકે પુષ્પ પેઠે તેઓ તેમનાં માત્ર ઉપકરણ છે: દેવ તૃણમણિ સમાન છે અને તેઓ તૃણ સમાન છે.

આ પ્રમાણે માબાપનું કહ્યું દીકરે બિલકુલ કાને ધર્યું નહિ, અને તેને સમઝાવવાના વધારે પ્રયત્ન થયા તેમ તેમ તે વધારે હઠે ચડ્યો, ત્યારે તેમણે એ વાત પડતી મૂકી. પછી થોડે જ કાળે તેમનાં હૈયાં શોકથી ભાગી ગયાં અને તેને કુંવારો મૂકી બંને જણ દેવલોક પામ્યાં. પુત્રની, રાજ્યની, પિતૃઓની, ને પોતાની શી ગત થશે તે વિષે મરણ સમયે તેમને ઘણી ચિન્તા રહી હતી; કેમકે વંશની વેલી વ્હાડનાર આ વંઠેલ પુત્રની હઠીલાઈથી સર્વનું સત્યાનાશ જશે એવો તેમને ભય હતો.

અને પછી, જાણે તેમના મરણની જ વાટ જોતો હોય તેમ, માબાપ મ્હોટે માર્ગે પળ્યાં કે તરતજ આ લગ્નદ્વેષી પુત્ર વનમાં મૃગયા કરવા ગયો. તેનો ઘોડો તેના જેવો જ પાણીદાર હતો, તેથી હાથમાં રહ્યો નહિ અને પૂરપાટ દોડયો. એક ક્ષણમાં પોતાના સર્વ પરિજનની નજર બહાર તે નીકળી ગયો. અને દૂર, જંગલની મધ્યે, એક તપસ્વિકન્યા

વસતી હતી ત્યાં વિધિયોગે આવી ચડયો. આ સુન્દરીનું લાવણ્ય તેની વિવાહવિરોધિતાને વિષધરની પેઠે ડસ્યું, અને તેના સહજ મોહવિષથી એક ક્ષણમાંજ તે મનોદશાનો વિનાશ થઇ ગયો. અને તદ્દન ભાન ભૂલી જઇને ત્યાં ને ત્યાં જ તેણે તેની પ્રીતિ સંપાદન કરી, પોતાને ઘોડે બેસાડીને તેને ઘેર તેડી લાવ્યો, તેની સાથે લગ્ન કર્યું, અને તેને રાણી કરી થાપી. રાણીએ રાજાને એવો તો પલટાવી દીધો, કે જે પુરુષને લગ્ન ગુલામગીરી જેવું લાગતું હતું તે જ પુરુષ રાજીખુશીથી એક સ્ત્રીનો ગુલામ થઇ રહ્યો: એટલે સુધી કે પત્નીનો વિજોગ એક ક્ષણભર પણ તેનાથી સ્હેવાતો નહિ. અર્ધનારીશ્વરની મૂર્તિની પેઠે તે પ્રિયાથી અવિયુક્ત રહેતો, રાતદહાડો તેને હાથમાં ને હાથમાં રાખતો, અને તે ફક્ત પાણી પીવા જાય તો એ પાંજરામાં પૂરેલા ભૂખ્યાડાંસ વિકરાળ પશુની પેઠે આકળોભૂત થઈ જતો. આ મોહાન્ધતા જોઇ *પુષ્પધન્વાને હસવું આવતું, અને

* કામદેવ.

ધીરેથી તે મનમાં બોલતો: મ્હારી હાંસી કરનાર આખરે મ્હારો પરમ ભક્ત બન્યો છે: કેમકે આ +ક્ષીરનીરને જુદું કરનાર ચતુર હંસ મળવો મુશ્કેલ છે. પણ પ્રજાજન તો ખુશ ખુશ થઈ ગયા, અને કહેવા લાગ્યા: હવે ગત રાજારાણીનો જીવ સુખી થશે. જોકે હાલમાં કામની ઉગ્રતાને લીધે રાજા રાજકાજમાં બિલકુલ લક્ષ દેતા નથી, પણ તેની કંઇ ફિકર નહિ; કેમકે ઊભરો શમશે ત્યારે તે ખરેખર કુલમણિની પેઠે ઝળકશે.

પછી જ્યારે રાજા પોતાની ચન્દ્રકલા જેવી નવોઢાની પાછળ મોહાન્ધ થઈ દયિતાનો દાસ બની ગયો હતો, ત્યારે કેટલાક પાસેના રાજાઓ, તેના વંશપરંપરાના દુશ્મનો, તેની આ દશા જાણી પોતાનો લાગ સાધી એકત્ર થઈ તેના પર ચડી આવ્યા. થોડી વારમાં સરહદ પરની તેની રૈયત પાયમાલ થઈ ગઈ, અને ત્યાંથી કર આવવો બંધ થયો. તેથી ના-

+ દઢ આલિંગન; આ રસશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે.

છૂટકે તેણે નીસાસો નાંખી પત્નીને કહ્યું: હવે લાચાર છું; આ કાંટા સમાન સાલતા રાજાઓને નિર્મૂળ કરવાને મ્હારે તારાથી થોડો સમય દૂર થવું જ પડશે: નહિ તો, રાજ્યનો નાશ થયો સમજવો. છતાં ફક્ત થોડો જ સમય; કેમકે જાણે ગયો જ નથી એમ હું પાછો આવીશ. પછી લશ્કર ભેગું કરી પોતે આગળ થયો, પેલા રાજાઓ પર ચડયો, ને તેમને વાવાઝોડામાં પાંદડાં ઊડે તેમ વિખેરી નાંખ્યા, ને મ્હોંમાં તરણાં લેવાની ફરજ પાડી. તે ક્રોધાન્ધ બન્યો હતો, કેમકે તેમને પોતાના રાજ્યના શત્રુ કરતાં પોતાની પ્રિયાના વિજોગના કારણભૂત તે સમજતો. પોતાની ઉમેદ જલદી બર લાવ્યા બાદ તેણે છાવણીથી ઠેઠ રાજ-નગર સુધી વચમાં વચમાં ટપ્પાના ઘોડા ગોઠવી દેવાનો હુકમ કર્યો. અને છેવટે એક દિવસ સ્હવારમાં એક જ નોકરને સાથે લઈ તે ઘોડેસવાર થઈ નીકળ્યો, તે વારે તેનું હૈયું વ્હાલીને મળવાને ઊછળી રહ્યું હતું.

જાણે સૂર્યની ગતિને ટપી જવું હોય તેમ આખો

દહાડો વેગભેર તેમણે ઘોડા દોડાવ્યા; માત્ર ઘોડા બદલવાનેજ વચમાં થોભતા. પેલો બિચારો નોકર થાકથી મરવા જેવો થઈ ગયો, કેમકે તેના સ્વામીની પેઠે તેને કાંઈ ઘેર જવાની ધાડાધાડ ન્હોતી. રાજા તો જાણે સ્વપ્નામાં હોય તેમ દોડયેજ ગયો. અને પોતાની સમક્ષ દૂર ક્ષિતિજની પટી ને તેની પેલી-મેર રહેલી પત્નીની મૂર્તિ સિવાય બીજું કંઈ દેખતો જ ન્હોતો. આખો દહાડો એમ વીતી ગયો, અને ભાણ બૂડવા આવ્યો ત્યારે તેઓ રાજનગર પાસે આવી પહોંચ્યા, અને દૂર મેદાનમાં તેનો કોટ જોવા લાગ્યા. એટલે રાજાએ કીકીઆરી કરી ઊડતા ઘોડા-ની કૂખમાં જોસથી એડી મારી, અને નોકરને તો ક્યાંનો કયાં પાછળ મૂકી દીધો. વંટોળિયાની પેઠે શહેરમાં ધસ્યો, રસ્તામાંથી લોકોને વિખેરી નાંખ્યા, અને જાણે ઘોડાની ખરીઓ વડે તેમને તુછકારતો હોય તેમ આગળ ચાલ્યો. મહેલે પહોંચ્યો, દરવાજા-માંથી આંગણે આવ્યો, અને ઘોડેથી ઊતર્યો, અને

પગથિયાંપર ઊભો રહી હરખભેર મોટે સાદે બોલ્યો: કોણુ છે રે! જાઓ જલદી, ને રાણીને ખબર કરો કે રાજા આવ્યા છે, અને તમારા ચરણુકમળમાં માથું નમાવવાની રાહ જોતા ઊભા છે.

આસપાસ ઊભેલા પહેરેગીરો રાજા સામે ટગ-ટગ જોઈ રહ્યા, અને બ્હીકના માર્યા ચૂપકીથી એક બીજા સ્હામે જોવા લાગ્યા. તેઓ આમ ઊભા હતા, તેવામાં એક વૃદ્ધ કંચુકી રાજા પાસે આવ્યો ને બે હાથ જોડી નીચે નમ્યો: તેને માથે ભયથી પળીઆં આવી ગયાં. ધ્રૂજતે કંઠે તે બોલ્યો: ક્ષમા કરો, મહારાજ, ખેપીઆ આપને મળ્યા નથી? રાણીજીને બારજવર તાવ આવ્યો, અને સ્વર્ગે સીધાવ્યે આજ ત્રણુ જ દહાડા થયા.

આ સાંભળતાં જ, માથાપર કોઈએ કડિયાળી ડાંગનો ઘા કર્યો હોય તેમ, રાજા ભોંયપર પડી ગયો.

૨

તેને ઊંચકીને અંદર લીધો અને પથારીમાં સુવાડયો. ત્યાં તે શબવત પડી રહ્યો, અને એટલો બધો વખત વીતી ગયો કે તે જીવતો હશે કે કેમ તે વિષે વ્હેમ પડવા લાગ્યો. પણ અન્તે વૈદ્યોના ઉપચારથી તેનું શરીર સચેતન થયું. પણ તેને ચિત્ત-ભ્રમ થઈ ગયો. કારણ કે તે લવરી કરતો, તેના રાક્ષસી બળથી પછાડા મારતો, જંગલી જાનવરની પેઠે બચકાં ભરતો, પોતાના કેશ તોડતો, અને પ્રિયે ! પ્રિયે ! એમ બૂમો પાડતો. નોકર ચાકર પર ધસી જઈને માર મારતો, તેથી તે ધ્રૂજતા ને ધ્રૂજતા રહેતા; અને પત્નીનું નામ પોકારી પોકારીને તેને શોધતો આખા મહેલમાં દોડાદોડ કરી મૂકતો. અને તે ના જડે એટલે જે હાથમાં આવે તેને મારવા તડે, અને મારે; અને ઘણાકને તો તેણે અધમુઆ

કરી નાંખ્યા. તેથી આખરે પ્રધાનોએ એકઠા મળી વિચાર કરી તેના હાથપગ બંધાવ્યા. આમ ઘણા દિવસ સુધી અન્નજળ લીધા વિના તેણે ધમપછાડા કર્યા, તેથી તેને સખત તાવ આવ્યો; અને જે માર્ગે પત્ની વદાય થઈ તેજ માર્ગે તેની પૂંઠે જવાનો તેનો અભિલાખ હોય એમ જણાયું. ઘણાં અઠવાડિયાં સુધી મૃત્યુના મ્હોંમાં જ તે પડી રહ્યો. પણ તેનું બળ એટલું બધું હતું કે તેનો જીવ ગયો નહિ. પછી, ઘણે લાંબે કાળે, જાણે પોતાની ઇચ્છા વિરુદ્ધ તેનો જીવ ધીમે ધીમે ઠેકાણે આવ્યો; ધીરે ધીરે તેનું આરોગ્ય સુધરતું ગયું, અને રાજકાજમાં ચિત્ત પરોવતાં તેણે રાજ્યધુરા ફરીથી ગળે ભેરવી. પણ જાણે તેનો જીવ ઊડી ગયો હોય એમ લાગતું; પરલોકવાસી પત્નીથી તે જુદો ના જ પડયો, અને આ લોકમાં તે જીવી શકે એટલા પૂરતો જ તેનો અવશેષ રહેલો દેખાતો. કારણ કે તે મહેલની બહાર કદી નીકળતો નહિ, મહેલના ખંડે ખંડે ભમ્યા

કરતો, હંમેશ ચૂપ રહેતો, હંમેશ એકલો રહેતો, માથું છાતી પર ઢળેલું રાખતો, અને દુઃખભરી આંખે ભોંય પર ટગટગ જોયા કરતો; તેના શ્યામ મુખ પર કદી સફેદ હાસ્ય વિલસતું નહિ, કેમકે મૃત પત્નીની છાયા ત્યાંથી ખસતી ન્હોતી, અને તેની મૂર્તિ તેના મ્હોં આગળ રાતદિવસ ફર્યાં કરતી. વીસરાય નહિ એવી અને દુર્મિળ થઈ ગએલી તેની મધુરી મીઠાશ તેના હૈયામાં કાંટાની પેઠે સાલતી, તેને પજવતી, તેને ડસતી, અને તેનો જીવ બાળ્યા કરતી. તેને ઊંઘ બિલકુલ આવતી ન્હોતી. તેથી તેનાં નેનમાં ખાડા પડી ગયા હતા અને તે બિહામણાં લાગતાં હતાં; અને એવાં લાગતાં, કે તેમને જોતાં જ સૌ કોઈ ભયથી ધ્રૂજતું અને પોતાનો જીવ બચાવવાને સાવધાન રહેતું. કેમકે ઘડીએ ઘડીએ તેના દુઃખનો જબરો ઉપાડ થતો ને તે ખડખડ હસતો; આ વખતે એમ જણાતું કે તેને કંઈ ભાન રહેતું નથી, અને જેમ કોઈ જંગલી હાથણનું બચ્ચું શિકારી-

ઓ ઉપાડી જાય ને તેની પાસે કોઈથી જવાય નહિ, તેમ અહીંઆં પણ થતું. આવી દશામાં તેનું જીવન વ્યતીત થવા લાગ્યું, મહીના ઉપર મહીના વીતી ગયા, તેને માથે અકાળે પળીઆં પણ આવ્યાં અને અતિશય શોકને લીધે તેનું માથું ભમી ગયું. ઘડપણે લાગ સાધ્યો: નિરંકુશ બની તેના કપાળમાં કરચલીઓ પાડી અને તેના કરડા બંધ ઓઠને બંને છેડે ઊંડા ખાડા પાડયા.

૩

હવે એક દિવસ એવું બન્યું, કે ઉમામહેશ્વર આકાશમાર્ગે ફરતાં ફરતાં ચન્દ્રલોક પાસે આવી પહોંચ્યાં. એકાએક, તે શાંત સ્થળમાં, પોતાના સહચરનો શોચ કરતી ચક્રવાકીના જેવો એક દુખીઆરો અવાજ સંભળાયો: અરે રામ! અરે રામ! એમ વચમાં વચમાં કાને અથડાવા લાગ્યું. તેથી તેઓ ઊભાં રહ્યાં અને *શીતરશ્મિની સપાટી પર ઊતર્યાં; ત્યાંની કર્પૂરમય હવામાં ફરતાં ફરતાં સ્વરની દિશાએ ચાલ્યાં, અને ઓચિન્તાં એક સિદ્ધા પાસે આવી ઊભાં. તે એક ચન્દનવૃક્ષ તળે બેઠી હતી, માથું થડે અઢીંગ્યું હતું, મ્હોટાં નીલ નેનમાં બોર બોર જેવાં આંસુ આવ્યાં હતાં, ઊઘાડી ગોર છાતીની આસપાસ વીખરાએલા કાળા કેશ ઊડતા હતા, છાતી

---

* ચન્દ્ર.

ઉપરનાં બે ઉન્નત મ્હોટાં મોતી ઊંચાં નીચાં થતાં હતાં અને પોતાના રત્નાકરગૃહના વિયોગથી જાણે ખિન્ન થયાં હોય તેમ ખીજાઈને ઊછાળા મારતાં હતાં. પછી કરુણા ને જિજ્ઞાસાથી ઉમા બોલ્યાં : આ સિદ્ધા કેમ ડસકાં ભરતી હશે ? એટલે મહેશ્વરે સમાધિ ચડાવી બધી હકીકત જાણી લીધી. પણ જવાબ આપ્યો : એને પૂછ. તે ઉપરથી પાર્વતી બોલ્યાં : હે કમલમુખી, તને શું દુઃખ છે ? સિદ્ધાએ કહ્યું : હે હિમસુતા, અધિક પુણ્યને લીધે મ્હને આ સિદ્ધાની સ્થિતિ પ્રાપ્ત થઈ છે, પણ તેથી મ્હને સુખને બદલે દુઃખ થયું છે. કેમકે મ્હને મ્હારો પૂર્વજન્મ સાંભરે છે, અને નીચે ભૂલોકમાં મ્હારા વિયોગે મ્હારા પતિ દુઃખી થાય છે તે હું જોઉં છું. અને ભૂતકાળની એક જ ક્ષણને સાટે મ્હારા રાશીભૂત પુણ્યપુંજનો સર્વ અવશેષ આપી દેવા હું તત્પર છું; પછી તે ક્ષણ એક નિમેષ માત્રની હોય તોએ ફિકર નહિ. કારણ કે મ્હારા પતિ વગરનું

આ સિદ્ધાત્વ, તેમજ બીજું બધું, મ્હારે મન નકામું જ છે. વિસ્મરણ રૂપી ફળ મળવાને બદલે ઊલટો સંસ્મરણનો શાપ મ્હને કેમ થયો હશે? સ્મરણ મ્હારા જીવને બન્ધનરૂપ થયું છે અને નષ્ટ થએલા આનન્દની ભભૂકતી આગ જોડે તેને જાણે લાલચોળ સાંકળ વડે સાંકળી દે છે.

એટલે પાર્વતીએ મહાદેવને કાનમાં કહ્યું: આ સુન્દર સિદ્ધાને તમે સાહ્ય ના કરો? મહેશ્વરે ઉત્તર દીધોઃ એ તો સ્ત્રીઓનો સ્વભાવ છે કે પોતાના પ્રિયતમની ખાતર તેઓ ત્રિભુવનનો નાશ કરાવવા તૈયાર થઈ જાય. પરંતુ દયાને લીધે પણ આ વિશ્વ-ની વ્યવસ્થાનો ભંગ કેમ કરાય? અથવા બે મૂર્ખ પ્રેમી જનોનો માત્ર ફરીથી સંજોગ કરવા સારૂ ગત કાળ શી રીતે પાછો આવી શકે અને બધું ઊંધું ચતું કેમ કરી શકે? માટે આમાં કંઈ જ બની શકે એમ નથી. પણ પોતાના બે ગૌર ભુજની શક્તિ દાખવીને પાર્વતીએ તેમને પટાવ્યા ને સમઝાવ્યા,

ત્યારે અન્તે તે બોલ્યા: તને મ્હારાથી કશાની ના કહેવાતી નથી, અને તું હઠ લેઇ બેઠી છે, એટલે તને રીઝવવા ખાતર આ બે દુખીઆરા જીવો તેમનું ન્હાનકડું નાટક ફરીથી ભજવે અને જેને માટે તેઓ તલસી રહ્યાં છે તે પ્રેમામૃત ફરીથી પીએ એવી હું ગોઠવણ કરીશ: પણ એ બધું એક સ્વપ્નમાં જ. વિધાતાએ સ્વપ્નોની રચના કરી છે તે એ હેતુથી જ, કે સત્યની યથાર્થતા જાળવવાનો ઉપાય જડે. સત્ય તો સત્ય સ્વરૂપે જ રહી શકે છે. એમાં ફેરફાર થાય નહિ, અથવા થયું તે ના થયું કરી શકાય નહિ: પણ સ્વપ્નમાં ગમે તેમ થઇ શકે. છતાં જે થઈ ગયું તે થઈ ગયું જ એમ સમજી આ પ્રેમી યુગલ છાનાંમાનાં બેસી રહે તો ડહાપણની વાત છે. કેમકે દુઃખ મટાડવાનો જે ઉપાય કરવા તેઓ ઇચ્છે છે, તેને જ બળે તે ઊલટું વધશે. પણ જે થાય તે ખરૂં.

એવું કહી તેમણે તે સિદ્ધા તરફ કૃપાની

દૃષ્ટિએ જોયું. અને બોલ્યા: મૂર્ખ બાળા, આ મ્હોટાં ત્રણે ભુવનના સરજનાર કરતાં તું વધારે ડાહી થવા ઇચ્છે છે, તો હવે શાન્ત થા. થોડી વાર તો તારા મનના મનોરથ ફળશે અને તારા હૃદયેશ્વરને સ્વર્ગ અને પૃથ્વીના મધ્ય ભાગે તું ફરીથી મળીશ.

આ સાંભળી તે સિદ્ધાએ તેમને પ્રણામ કર્યા, અને તેમનો ચરણ ચમી પોતાની છાતી સરસો ચાંપ્યો. અને બોલી: હે કાલોદધિનાં મોજાંમાં ડૂબતા અસહાય જનના સહાય, અરે, મ્હને સત્વર સાહ્ય કરજો; કેમકે પતિના ભુજરૂપી નીલ મૃગજળની પિપાસાથી રણમાં મરતા જનના જેવી મારી દશા છે.

૪

અને તે જ ક્ષણે તેનો ભૂલોકનો પતિ, પેલો રાજા, પોતાના મહેલના દિવાનખાનામાં બેઠો બેઠો તેનું સ્મરણ કરતો હતો, ભૂતકાળના સ્વપ્નમાં ઝોકાં ખાતો હતો, ને મ્હોં આગળ વાદ્ય કરતા ગાયકોના સૂર સાંભળતો હતો. વાદ્યમાં ને વાદ્યમાં ભોગજોગે એક એવા રાગ પર તેઓ ચડી ગયા, કે તે સાંભળતાં જ વિખ પાએલી સોય પેસી ગઈ હોય તેમ તેનું હૈડું વિંધાઇ ગયું: કેમકે એ રાગ તેની વિદેહ રાણીને અતિપ્રિય હતો. તેની આંખમાં આંસુ જોસભેર ભરાઇ આવ્યાં, અને પ્રેમોત્કંઠા તથા ઘોર નિરાશાથી અંધારાં આવ્યાં. તે સફાળો ઊભો થઈ ગયો, અને મેઘનાદે બોલી ઊઠયો: જાઓ, ટળો અહીંથી, દુષ્ટો ! મ્હારા હૃદયને દ્વિધા કરવા બધા સંપીને આવ્યા છો કે શું ? તરત જ, પેલા બિચારા ગાયકો બ્હીકથી ગાતા રહી ગયા, અને તેનો ક્રોધાવેશ જોઇ સસલાંની પેઠે દોડી ગયા. અને ત્યાંથી

બધાએ ન્હાસવા માંડયું, એવામાં રાજગૃહના પુરો-હિતે આવી સવિનય કહ્યું: મહારાજ, હજૂર આગળ જવાહિર રજૂ કરવાને કેટલાક ઝવેરીઓ નિર્દિષ્ટ સમયે આવી બહાર ઊભા છે.

નીસાસો નાંખી રાજા બોલ્યો: એમના જવાહિરને મ્હારે શું કરવું છે? છતાં, કંઇ નહિ; બધાને અંદર આવવા દો.

એકદમ બધા ઝવેરીઓ અંદર આવ્યા, અને દરેકે પોતાનો માલ રાજા આગળ ધર્યો. રાજા આમ તેમ ફરવા લાગ્યો, અને દુ:ખથી મનમાં બોલ્યો: હવે સુખ તે દુ:ખરૂપ છે, અને હર્ષ તે શોકરૂપ છે. કારણ કે, ભારથી હાલી ચાલી શકાય નહિ ત્યાં સુધી જેની દેહલતા પર આ બધાં રત્નો હું પહે-રાવત, તે મ્હારી પ્રિયા દુર્મિળ છે, તો પછી મ્હારે રત્નોનો શો ખપ છે? પછી જાણે મરડાટમાં તેણે રત્નો લીધાં અને પોતે પહેરવા માંડયાં. ઝવેરીઓનાં બધાં જ રત્નો લઈ તેણે પોતાને આખે શરીરે

લટકાવ્યાં, અને ભભકભર્યાં જવાહિર, લીલમ અને માણેક, મોતી અને યાકૂત, હીરા અને નીલમ, અને બીજાં બધાં રત્નોનો ભાર પોતાને શરીરે ભર્યો. તેથી તે જાણે સેંકડો રંગથી ચળકવા લાગ્યો અને રત્નાકરનો મૂર્તિમન્ત લુંટારો હોય એમ દેખાયો.

આ પ્રમાણે એક પછી એક ઝવેરીનાં રત્ન લઈ શરીરના ભારમાં ઉમેરો કરતાં કરતાં તે એકાએક એક બુઢ્ઢા ઝવેરી પાસે આવી પહોંચ્યો. તે બધા ઝવેરીઓથી જરા દૂર ઊભો હતો અને તેની પાસે કાંઈ માલ જણાતો ન્હોતો. તેનું માથું ઘણુંજ મ્હોટું, ઉઘાડું, તાલવાળું હતું, અને તેની બંને બાજુએથી લાંબા જાડા ધોળા વાળ ખભે લટકતા હતા અને દાઢી જોડે ભળી જતા હતા. અને ચીમળાએલા ફળની છાલ પેઠે તેના મ્હોંએ બધે કરચલી વળી ગઈ હતી. રાજા અચકયો, અને એક રાક્ષસી તુમડા જેવા તેના માથાના ગંજાવર કદથી વિસ્મિત થઈ તેના સ્હામે જોઈ રહ્યો. પછી બોલ્યો :

કેમ, ઝવેરી, તમે આગસુ દેખાઓ છો? તમારૂં જવાહિર કયાં છે, અને તમે શો માલ લાવ્યા છો? સામાન્ય જનથી આટલો સંભાળીને તમે દૂર વીંટાળી રાખો છો તે ખરેખર એક અમૂલ્ય ભંડાર હશે. પણ ચાલો, મ્હને દેખાડો: હું આ બધાંની સાથે તે પણ પહેરી લઈશ. ત્યારે તે વ્હેપારીએ કહ્યું: આ બધાં રત્નો બહુ સારાં છે: છતાં હું જે ચીજ રાજા માટે લાવ્યો છું તે બધાં કરતાં ચડિયાતી છે, અને વળી છેક જ નજીવી છે. રાજાએ પૂછ્યું: ત્યારે તમે શું વેચો છો? વ્હેપારીએ કહ્યું: રાજા, હું સ્વપ્નો વેચનાર છું.

રાજા તેના સ્હામે જરા જોઈ રહ્યો, અને એકાએક ખડખડ હસી પડયો. અને તે બોલી ઊઠયો: આ શું! સ્વપ્નો વેચનાર! એ તો આજ જ સાંભળ્યું. તું ગાંડો છે, કે પછી માત્ર એક મશ્કરીખોર બુઢ્ઢો છે? એટલે પેલો બુઢ્ઢો વ્હેપારી રાજા સ્હામે તાકી રહ્યો. અને તે બોલ્યો: રાજા, પોતે પોતાને કોણ ગાંડો

કહે છે ? પણ મ્હારાં સ્વપ્નો કંઈ જેવાં તેવાં ન સમજશો; તેને માટે તો ઘણા જણ પોતાનું સર્વસ્વ, અને વળી તેથી એ વધારે, આપી દેવાને રાજી હોય છે. કેમકે ભૂતને વર્તમાન બનાવવાની મ્હારામાં શક્તિ છે, નષ્ટ થઈ ગએલું શોધી કહાડી વિજોગીનો સંજોગ હું કરાવી શકું છું, અને દિલગીરીમાં ડૂબેલાનું મ્હોં હરખથી હસતું કરી દઉં છું: અને ભગ્નહૃદયને હું સચેત કરી શકું છું, પ્રેમનો શમી ગએલો ઊભરો પાછો જોસભેર લાવી શકું છું, પ્રીતિનાં કરમાએલાં પુષ્પોને પહેલાંનો મધુરો વિકાસ પાછો પ્રાપ્ત કરાવું છું, અને ઘણા કાળથી કાળને આધીન થએલા મુખનો સંગીતરસ જીવન્ત મનુષ્યના કાનમાં રેડી શકું છું.

તે બોલતો હતો તે વખતે રાજા ઊભો જ રહ્યો, અને તેના હૈયાનો ઊભરો ઓઠે આવ્યો. કેમકે પેલા વૃદ્ધ વ્હેપારીના શબ્દો તેની હૃદયવીણા વગાડવા લાગ્યા, અને તેના હૃદયરજ્જુને ખેંચવા

લાગ્યા; એકદમ પત્નીના સ્મરણે તેનો જીવ ધ્રૂજી ઊઠયો અને પવનની પેઠે કંપી રહ્યો. અને એકાએક, ક્રોધાવેશથી કંપતા હાથે તેણે પેલા બુઠ્ઠાની ાળચી પકડી અને તેને પાંદડાની પેઠે ધ્રૂજાવી દીધો; અને આવેશથી અચકાતા અવાજે બોલ્યોઃ મૂરખ બુઠ્ઠા, તું મ્હને ચીડવવા આવ્યો છે? કરવું નહિ, ને ખોટી ખોટી બડાઈ હાંકી રહ્યો છે? યાદ રાખજે કે એક તણખલાની પેઠે તને ચીમળી નાંખે એવા અગ્નિ સાથે તેં કામ પાડયું છે!

એટલે કરચલીવાળી હસતી આંખે તે વૃદ્ધ વ્હેપારીએ કહ્યું: રાજા, તમે બાળક છો, તમારા વૈદ્યને ઓળખતા નથી, અને તમારા વ્યાધિને માફક આવે એવું ઓસડ આપી શકે એવાની જ જોડે નકામી વ્હડવ્હાડ વ્હોરો છો. કેમકે હું દેહનો નહિ પણ જીવનો વૈદ્ય છું. માટે હવે મ્હને કહી દો; તમે મારૂં સ્વપ્ન વેચાતું લેશો કે નહિ લો? રાજા એક ક્ષણ તેના ભણી જોઈ રહ્યો; તેણે દીર્ઘ શ્વાસ લીધો, અને

તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. અને તેણે કહ્યું: તેં વર્ણવ્યું એવું જ સ્વપ્ન મ્હારે જોઈએ છે, માટે એવું એક સ્વપ્ન મ્હને ખરેખર વેચાતું આપ; અને હું કહું છું કે તેની કિંમત વિષે હું તારી સાથે રકઝક નહિ કરૂં. એટલે બુઢ્ઢો ધીરેથી હસ્યો, અને બોલ્યો: મહારાજ, માલ જોઈને ખાતરી કર્યા વગર તેનો ભાવતાલ કોઈ કરે જ નહિ. પહેલું તમે સ્વપ્ન લો, અને પછી તેની કિંમત થઈ રહેશે: અન્તે તમે પોતે જ તેની કિંમત કરજો. કેમકે કદાચ તમે પહેલેથી જાણો, તો લેવાની જ આનાકાની કરો.

પછી છાતીમાં હાથ નાંખી તેણે એક ન્હાની સીસી કહાડી. અને તે ન્હાની કાચની સીસી હવામાં ધરીને તેમાં પ્રકાશનું એક કિરણ પાડવા યત્ન કરવા માંડયો. પણ ત્યાં પ્રકાશ ન્હોતો, તેથી તે બુઢ્ઢો ધીરેથી બબડયો: સૂર્ય ભગવાન, મ્હારે એક કિરણ જોઈએ છે. અને તત્ક્ષણ તે ખંડમાં પ્રકાશનું એક કિરણ તે ન્હાની સીસી ઉપર જ પડયું. પછી પેલો બુઢ્ઢો બોલ્યો: રાજા, જો, *હિમાંશુની

સુધાના તત્ત્વનો આ અંશ છે, અને આજે સ્હવારે ત્યાં જઈને *ઓષધિનાથ પાસેથી હું એ લઈ આવ્યો છું. રાજાએ જોયું, તો પેલી ન્હાની સીસીમાં ફીણના પરપોટાવાળો એક પ્રવાહી પદાર્થ દીઠો. અને તેનો ઘેરો નીલ રંગ તેની મૃત પત્નીનાં નેનના રંગ જેવો જ હતો, અને તે નેનની પેઠે તે રાજાના સ્હામું જોઈ સ્મિત કરવા લાગ્યો, અને તેના રંગ એવા બદલાવા લાગ્યા કે સીસીમાંથી પત્નીની આંખો જ પોતાના તરફ જોઈ રહી હોય એવો તેને ભાસ થયો. ઝડપથી તેણે હાથ લાંબો કર્યો, સીસી લઈ લીધી, અને દાટો ઊઘાડયો, અને તેમાંથી એવી સુવાસ નીકળી કે જે નાકે અડકવાથી તેને પોતાની મૃત પત્નીના કેશની જ સુવાસ આવી. તેનું મગજ ભમવા લાગ્યું, અને તેણે ઉતાવળે તે સીસી મ્હોંએ માંડી. અને તેમ કરતાં, એકાએક તેના મગજમાં એક વિચાર સ્ફુર્યો. પીતાં પીતાં તે અચકયો, અને ત્રાંસી આંખે પેલા વ્હેપારી સ્હામે જોઈ રહ્યો. અને તેણે

* ચન્દ્ર.

વિચાર કર્યો: અરે ! આ વ્હેપારીને વેશે આવેલો ભુંડો પરાજય પામેલા મ્હારા શત્રુઓનો દૂત હોઈ મ્હને ઝેર દેવા આવ્યો હશે તો ? અથવા એમ હશે તો પણ શી ફિકર છે ? લાવ જલદી પી લઉં, વધારે ઝેરી હશે તેમ વધારે સુખકર થશે. કેમકે પત્ની વગર જીવવા કરતાં મરવું જ સારૂં.

અને પછી એક જ ઘુંટડે તેણે સીસી ખલાસ કરી. અને તત્ક્ષણ તે ઢળી પડયો, તકીઆ પર પડી સૂઈ ગયો, અને તેને અદ્‌ભુત ઊંઘ આવી ગઈ.

પણ રાજા ઊંઘી ગયો એમ જાણ્યું, કે તરત જ પેલો વૃદ્ધ વ્હેપારી નીચો નમી જમીન પર ટુંટીઆં વાળી બેઠો; તેના બંને હાથ બે પગની વચ્ચે રહ્યા અને તેના ઘુંટણ કાન સુધી પહોંચ્યા. અને તેજ સ્થતિમાં આંખ મીંચીને તે બેસીજ રહ્યો: એકાન્ત કિનારા પર પાણીમાં તાકી રહેલા બગલા જેવો તે જણાતો હતો, અને ભીંત પર ચીતરેલા ચિત્રની પેઠે નિશ્ચેષ્ટ બની રહ્યો હતો.

પ્રેમની આરસી

वाचामगोचरचरित्रविचित्रिताय ।
तस्मै नमो भगवते कुसुमायुधाय ॥

× × ×

"But to see her was to love her,
To love but her and her for ever."

* * * *

"A thing of beauty is a joy for ever."

૧

નિર્મળ આકાશ

પરંતુ સાપ કાંચળી ઊતારી દે તેમ રાજાનો જીવ દેહ છોડી ચાલ્યો. નીચે ભોંય પર પડેલા અને અમૂલ્ય રત્નોથી છવાએલા પોતાના ખાલી ખોખા ઉપર ક્ષણમાત્ર ભમી તે દીવેટથી જુદી પડેલી જ્યોતની પેઠે નીલ આકાશમાં ઊડી ગયો. દિગંતમાં ઊડતા મનની પેઠે ઊડતાં ઊડતાં રાજા વાયુવેગે અજ્ઞાત પ્રદેશમાં સંચરવા લાગ્યો, અને મનમાં બોલવા લાગ્યો: અરે ! ખરેખર, મ્હારૂં માનવું ભૂલભરેલું ન્હોતું. નક્કી તે બુઢ્ઢો ઠગ વ્હેપારી નહિ પણ મ્હારા શત્રુઓનો ગુપ્ત દૂત હશે, અને હવે નિઃસંદેહ હું મરણને શરણ થયો છું. અને પેલું મધુરૂં બિંબ જેવું સુન્દર ને સ્વાદિષ્ઠ હતું, તેવું જ

સત્વર વ્યાપી જાય એવું હતું. હવે દિલગીર થયા વગર હું જીવન્ત દશામાંથી મુક્ત થાઉં છું; છતાં આ વિશાળ વિશ્વમાં હું કયાં સંચરૂં છું એ જણાય તો ઠીક.

અકથ્ય શાંતિમાં ઝીલતો તે હવામાં ઊડતો હતો, તેવામાં તેના ઊડતા આત્મામાં નીચે પડી ર-હેલા દેહ ઉપર અતિશય તિરસ્કાર ને કંટાળો ઊપન્યો. અને આંખ મીંચતાં મીંચતાં તે મનમાં બોલ્યો: અહા ! શા આનન્દની વાત કે સંસારનાં બન્ધનોથી બન્ધાએલું અને દુઃખદ અવસ્થાવાળું પેલું દુષ્ટ ખોળિયું હવે પાછળ રહ્યું ! જાણે હું શ્મશાન-ભૂમિમાંથી બહાર નીકળ્યો છું, અને પેલો બુડ્ઢો વ્હેપારી કહેતો હતો તેમ સીસીમાંનો સમર્થ દિવ્ય રસ સુધા ને સુરાના સારરૂપ હતો, અને ચન્દ્રના શીત કર્પૂરરસ તથા દ્રવતા ઓષધિરસોની મેળવણી-નો બનેલો હતો. કારણ કે હું મદિરાપાનથી ઉન્મત્ત થયો હોઉં અને જાણે સુગન્ધજળમાં તરતો

હોઉં એમ મ્હને લાગે છે; અને તેની અતિ પ્રખર મીઠાશથી મ્હારી ભ્રમિત થએલી બુદ્ધિ લગભગ બહેર મારી જાય છે. જાણે એક રેશમી પથારી પર સૂતો હોઉં તેમ પૃથ્વી ને આકાશની વચ્ચે અદ્ધર રહી હું નીલ આકાશ પર સૂતો છું, છતાં પૃથ્વીથી કંટાળેલા અને આકાશમાં ઊડતા કોઈ જીવની પેઠે હું ઊડતો હોઉં એમ લાગે છે.

પછી થોડી વારે તેણે આંખ ઊઘાડી આસપાસ નજર ફેરવી, તો આકાશના ઘુમટમાં પોતે એકલો જ સંચરે છે અને આજુબાજુ તારા સિવાય બીજું કાંઇ નથી, એમ તેને માલૂમ પડયું. નક્ષત્રોમાં થઈને પૂંછડીઆ તારાની પેઠે તે જોસભેર જતો હતો, ત્યારે તેણે ચિત્રા, સ્વાતિ, રોહિણી, મૃગશીર્ષ, અને બીજાં નક્ષત્રો જોયાં, અને દૂર ઉત્તરમાં ધ્રુવનો તારો પણ દીઠો. નીચે સપ્તર્ષિ દેખાયા, અને ઘણે દૂર નીચે હિમાલયનાં હિમમય શિખરો નજરે પડયાં: તે સમયે વરાહના શિંગઠા પર રહેલી પૌરાણિક

પૃથ્વીની પેઠે કૈલાસના શૃંગે પીળચટી ચન્દ્રકલા વિરાજતી હતી.

એવામાં એકાએક, સોયની અણી ભોકાઇ હોય તેમ, તેને કંઇક સ્મરણ થઇ આવ્યું. અને તે બોલી ઊઠયોઃ અરેરે! હું હજુ એકલો જ છું, અને મૃત્યુથી પણ આ દશામાં ફેરફાર થયો જ નહિ. પત્ની મળે નહિ તો મરણથી પણ શો લાભ થયો વારૂં? અને આમ વાયુવેગે દોડવાનું પણ શું પ્રયોજન છે? મ્હારી મરજી ઉપરાંત હું આ અનન્ત આકાશની ટોચ ભણી દોડયો જાઉં છું.

આમ બોલતાં બોલતાં જ તે અટકયો, અને એક વાદળીના છેક ન્હાના કડકાની પેઠે હવામાં અદ્ધર રહી ગયો. અને અહા, કેવી અદ્ભુત વાત! જાણે તેના મનોબળે જ ઉત્પન્ન કરી હોય તેમ, એકાએક તેની પત્ની તેના ભુજપાશમાં આવી ઊભી રહી. તેણે પતિને ગળે પોતાના હાથ નાંખ્યા, અને બંનેનાં હૃદય સાથે ધડકવા લાગ્યાં એટલે સાન-

મ્હાશ્ચર્યથી રાજાનાં રૂઆં ઊભાં થયાં. દિકપ્રદેશમાં ગાજતા મેઘના જેવો પોતાના હૃદયનો ધબકારો તેણે સાંભળ્યો. અને તે બોલવા જતો હતો, તેવામાં જ આકાશ જેવાં નીલ નેનવાળી પત્નીએ પોતાના સ્મિતભર્યા સુકોમળ ઓઠથી તેને ચુંબન કર્યું. અને તે બોલી: ચાલ, જલદી કર, આપણે એક પળ પણ ગુમાવવાની નથી. તેણે કહ્યું: અરે! મ્હને નીચે નરકમાં મૂકીને તારાથી કેમ મરી જવાયું? તે ફરીથી બોલી: વિધિના લેખ મર્ત્ય જન શી રીતે ઊથાપે? તને છોડીને હું ચાલી આવી તે મ્હને ગમતું ન્હોતું જ, પણ છૂટકો ન હતો. પરંતુ ચન્દ્રમૌલિ મહાદેવની કૃપાથી જે થોડો વખત આપણને મળ્યો છે તે ભોગવી લઇએ, કેમકે તેનો આરંભ અને અન્ત લગભગ સાથે જ છે. દૂર નીચે પેલા વનમાં આપણે પ્રથમ મળ્યાં તે તને સાંભરે છે? ચાલ, મ્હારી સાથે ફરીથી એક વાર ચાલ, આપણે ફરીથી પ્રેમજીવન શરૂ કરીએ અને અમૃતનો સ્વાદ

ફરીથી ચાખીએ; કેમકે પછી આપણો ફરી મેળાપ થવાનો નથી.

તત્ક્ષણ રાજા ભાન ભૂલી ગયો, અને એક સ્વપ્નની અંદર બીજા સ્વપ્નમાં પડયો. અને આમ અંતરિક્ષમાં પરસ્પર આલિંગીને તેઓ ઊડતાં હતાં, તેવામાં ભૂતકાળ અન્ધકારમાંથી તેની સમક્ષ ખડો થયો, તેની આંખે ચિત્રદર્શન થયું, અને તેના કાનમાં અજબ ભણકારા વાગ્યા.

૨

પંકજ

ફરીથી એક વાર તે ઘોડેસવાર થઇ જંગલમાં વાયુવેગે ધસ્યો, અને તે વખતે ત્યાંનાં વૃક્ષો ભયભીત થએલાં ભૂતની પેઠે તેની પાસે થઈને ન્હાસવા લાગ્યાં. ઘોડો પૂરપાટ નાઠો, અને ઊંડા ઘોર વનમાં તેને યથેચ્છ લઇ ચાલ્યો. પછી આખરે એકાએક એક મ્હોટી નદીને કાંઠે જ તે થોભ્યો. પાસે એક જૂનું વડનું ઝાડ હતું: તેની વડવાઇઓ ડાળીઓમાંથી નીચે જમીન સુધી લટકતી હતી, પોતાની ઘટાથી એક ન્હાના ખંડેર દહેરાને લગભગ ઢાંકી દેતી હતી, અને તેના છાપરામાં પેસી થાંભલારૂપ બનતી હતી. દહેરાનાં પગથિયાં વ્હેણ સુધી પહોંચતાં હતાં, ઉપર પવિત્ર ઘટા થઇ રહી હતી,

અને નીચે શાંત જળમાં તરતાં સૂકાં પાંદડાં અને કમળપુષ્પની પથારી પથરાઇ રહી હતી. આ સ્થળે ઘોડાની પીઠ પરથી ભૂસ્કો મારી તે જમીન પર ઊતર્યો. તેને તેમજ ઘોડાને એટલી તો અસહ્ય તરસ લાગી હતી, કે બંનેએ ધરાઇને પાણી પીધું ત્યારે જ તેમના જીવમાં જીવ આવ્યો. પછી તેણે પાંદડાં ને ઘાસના કલ્લા વડે તે ઉમદા ઘોડાનાં કંપતાં અંગ ઉપરથી ફીણ તથા પરસેવો લુંછવા માંડયો: કેમકે આ ક્ષણ સુધી તો દુનિયાની બીજી કોઈ વસ્તુ કરતાં તેને પોતાનો ઘોડો વધારે વ્હાલો હતો.

આમ ઘોડાને સાફ કરતો તે ઊભો હતો, એવામાં પાછળથી સ્હેજ ખડખડાટ ને ઝીણો રવ સંભળાયો. તેણે એકદમ પાછું જોયું. અને ચપળાના ચમકારા જેવી તે ક્ષણમાં ઘોડો, તે પોતે, અને આ ત્રિભુવનમાંની બીજી બધી ચીજો તેના મનમાંથી બહાર સરી ગઇ.

કારણ કે ત્યાંથી સ્હેજ દૂર, પેલા જૂના વડ-

વાઇવાળા વૃક્ષની તળે, કોઇક ઊભું હતું: તે જ ક્ષણે સ્ત્રીરૂપ ધારણ કરતી, અદ્દ્ભુત લાવણ્યમયી, કુંવારી વનદેવતા ઊભી હોય એમ જણાતું હતું. તેને નિહાળતાં તેના મનમાં શંકા ઊઠી, કે આ તે સ્ત્રી હશે, કે વૃક્ષ હશે, કે પછી બંનેની મેળવણીથી થએલું કોઇ પ્રાણી હશે? તેણે જાડું રાતું વલ્કલ સજ્યું હતું; હરિપ્રિયાના+ જેવા તેના નાજુક હાથપગ ઊઘાડા હતા; અને વજામાંથી તાજું નવું ફૂલ ખીલી આવે તેમ, અથવા પરિપક્વ મોહક ફળ અંદર ના સમાયાથી જાડી ખડબચડી છાલ ફાડી બહાર નીકળી આવવા તૈયાર થઈ રહ્યું હોય તેમ, સ્ત્રીત્વ વિકાસ પામ્યાથી આસપાસ વીંટળાએલા વલ્કલમાંથી તેનાં કોમળ ગોળ અંગો બહાર તરી આવતાં હતાં. તેના વાળમાંથી વેલાની પેઠે નીચે પથરાઇને *નીલ કામલતાની એક ન્હાની ડાળી દેહની આસપાસ ફરી

+ લક્ષ્મી.

* બહુધા કામલતાનો રંગ રાતો કહેવાય છે.

વળી હતી. સુન્દર માથાની છેક ઉપર કાળા કેશનો મ્હોટો અંબોડો વાળેલો હતો, તે પાણીભર્યાં જાંબુડા વાદળાની ટેકરી જેવો ત્યાં લટકી રહ્યો હતો. તે ટેકરીની છાયામાંથી તેનાં મ્હોટાં નીલ નેન પ્રત્યક્ષ થએલા દૃશ્ય સ્હામે ચકિત થઇ ચન્દ્રની પેઠે જોયાં કરતાં હતાં. તેની હડપચી પીપળાના પાન જેવી અણિયાળી હતી, અને રસાળ બિમ્બોષ્ઠવાળા તથા શ્યામ ભ્રૂચાપવાળા તેના મુખ ઉપર મનોજ ભગવાને પોતાનું ધનુષ ગોઠવ્યું હતું. પાકાં ફળ જેવા તેના બંને ગાલ પર આશ્ચર્યને લીધે ગુલાબી સુરખી ચડી આવી હતી. તેના ઉત્કૃષ્ટ ઉર ઉપર વિરાજતી ઊંચી ટેકરીઓમાં પથિકનું હૃદય હરી લેવાને સ્મરતસ્કર* ભરાઈ બેઠો હતો,§ અને તેમની

---

* સ્મર=કામદેવ.

§ સરખાવો **भर्तृहरि**—

कामिनीकायकान्तारे कुचपर्वतदुर्गमे ।
मा संचर मनःपान्थ तत्रास्ते स्मरतस्करः ॥

વચ્ચેના ન્હાના પોલાણમાં એક રક્ત કમળ લપાઇ રહ્યું હતું. તેની પાતળી મોહક કેડ ભણી રાજા જોઇ રહ્યો હતો; ત્યાંથી એકદમ, તેના અંદર પડતા ઘુંટણના ખુણા સુધી પહોંચતા સુંદર વાંકવાળા ગોળ ઘન જઘને તેની દૃષ્ટિ હરી લીધી. તેનો ડાબો હાથ વડવાઇને થાંભલે હળવે રહીને ગોઠવેલો હતો, અને જમણો ઊંચો કરી આંગળાં પસારી તર્જનીનું ટેરવું અધરને સ્હેજ અડકાડેલું હતું. તેનું મનોહર કાંડું અને સુન્દર ભુજલતા જોઇ રાજાનું મન મોહપાશમાં સપડાયું. ડાબા પગનાં આંગળાં પર પુષ્પની પેઠે સમતોલ રહી જમણો પગ પાછળ રાખી તે ટટાર ઊભી હતીઃ તે સમયે, પૂરપાટ દોડતી સુન્દર હરણીના માર્ગમાં ભય દેખાતાં તે પાષાણવત સ્તબ્ધ બની જાય, તેવી જ તે સુન્દરી દેખાતી હતી. કારણ કે તે કેવળ નિશ્ચેષ્ટ ઊભી હતીઃ માત્ર તેના ઉર ઉપરનું કમળ હૃદયતરંગના સંભ્રમથી જોસભેર ઊંચું નીચું થતું હતું.

આ પ્રમાણે, ચિત્તો ને તેના શિકારની પેઠે* પરસ્પર દર્શનથી આભાં બની જઇ તે બંને જણુ મૃતવત સ્તબ્ધ ઊભાં રહ્યાં. આમ ઘણીવાર ઊભાં રહ્યાં છતાં બંનેને તે સમય એક ક્ષણુ સમાન જ લાગ્યો; કેમકે જ્યાં વરસોનાં વરસ ક્ષણુ સમાન છે અને કાળની ગતિ કુંઠિત થાય છે, તેવા પ્રેમના સ્વપ્નમંડપને ઊમરે ઊભાં ઊભાં બંને પરસ્પર દર્શનમાં નિમગ્ન થઈ ગયાં હતાં. આખરે મોહમાંથી જાગી તે બોલી. તેણે ધીરે રહીને કહ્યું: આ કોઇ પુરુષ છે. ખરે, તું પુરુષ છે? સ્મિત કરી રાજા બોલ્યો: હે બાળા, બીજું શું? એટલે તે ફરીથી બોલી: અને તારી સાથે આ શું છે? રાજાએ કહ્યું: એ ઘોડો છે. તેણે એકદમ તાળી પાડી, અને હાથ એકઠા જ રાખી બોલી: હા! એમ ને એમ થોડીક વાર ઊભો રહે,

---

* હિંસ્ર પશુઓ હરણુ વગેરેને મારવા જાય ત્યારે પરસ્પર દર્શનથી કોઇક વાર બંને સ્તબ્ધ બની જાય છે, એવું અનુભવી શિકારીઓ કહે છે.

અને મ્હને પુરુષ ને ઘોડો નિહાળવા દે. કેમકે આજસુધી મ્હેં કદી ઘોડો કે પુરુષ જોયો નથી. તેની ઇચ્છા પ્રમાણે તે શાંત ઊભો રહ્યો; અને તે તેને નિહાળતી હતી, ત્યારે તે તેને નિહાળવા લાગ્યો. તેની નીલ આંખો તેના પર ઠરી, તેના જિગરમાં પેઠી, અને તેને એવું તો હલમલાવી નાંખ્યું કે અતિશય હર્ષના આવેશથી રાજાનું આખું શરીર કંપી ઊઠયું. તે મનમાં બોલ્યો: હું પણ, હું પણ, મ્હારા જીવનમાં પહેલી જ વાર સ્ત્રી જોઉં છું; અને છેક આ ક્ષણ સુધી મ્હારૂં જીવન નકામું ગયું, ખાલી ગયું, નિરર્થક ગયું, તુચ્છ રીતે ગયું, એળે ગયું. અરે! એકાએક સોનેરી સૂર્યના વેગભર્યા પ્રકાશથી રેલછેલ થઈ ગએલી ઘોર અંધારી રાત્રિ જેવો હું બની ગએલ છું. હે ઝગઝ[illegible] મહાન દેવ, તારો જય થાઓ! મ્હારા સમક્ષ ઊભેલી *પુષ્કરાક્ષીનું રૂપ લઈ તેં મ્હને દર્શન દીધાં છે,

* પુષ્કર=નીલ કમળ. નીલ કમળ જેવી આંખોવાળી.

અને તારા દર્શનથી મ્હારૂં હૃદય અતિ આનન્દાશ્ચર્યથી ઊભરાઈ જાય છે. પછી તરત જ તેણે કહ્યું: હે નીલ પુષ્પભર્યા કેશવાળી, હે મ્હોટાં નીલ ચકિત મુગ્ધ નયનવાળી, આટલા બધા પુરુષો ને ઘોડાથી ભરેલી આ દુનિયામાં એકે પુરુષ કે ઘોડો તારી નજરે પડયો જ નથી એમ કેમ વારૂં ?

તે સ્વપ્નમાંથી જાગી હોય તેમ ચમકી. તેની પાસે આવી, અને તેના બાહુનો સ્પર્શ કરવો હોય એમ પોતાનો હાથ ઊંચો કર્યો: જરા સ્પર્શ કર્યો પણ ખરો, અને તે પત્રના જેવા સુકોમળ સ્પર્શથી પણ રાજાને જબરો આઘાત થયો. રાજા ભણી ઊંચું જોતી ખંચાતી ખંચાતી તે બોલી: હે ગંભીર નાદવાળા મ્હોટા રૂપાળા પુરુષ, પણ હું શી રીતે પુરુષ કે ઘોડો જોઇ શકું ? કારણ કે આ જંગલની બહાર હું કદી ગઈ નથી, અને અહીં કોઈ કદી આવતું જ નથી; અહીં તો માત્ર વૃક્ષો, પુષ્પો, નદી, પશુઓ, મ્હારા પિતા ને હું પોતે જ વસીએ છીએ. રાજા

બોલ્યો: તારા પિતા? અને તે પુરુષ નથી? તેણે કહ્યું: ના, તું પુરુષ હોય, તો તે નથી. કેમકે તે તો વૃદ્ધ છે, ઘણા વૃદ્ધ છે, મ્હારા કરતાં એ ન્હાના દેખાય છે; એમના કેશ ને દાઢીના વાળ પાતળા ને ધોળા છે, એમના હાથપગ ઝાડની છાલ જેવા ખડબચડા અને સોટી જેવા સૂકા ને પાતળા છે. આખો દિવસ શાંતિથી ટટાર રહી ધ્યાનમાં ને ધ્યાનમાં તે બેસી રહે છે, અને જૂના ઝાડના ઠુંઠા જેવા દેખાય છે. તે છે ને નથી એ સરખું જ છે. તારી મરજી હશે, તો અહીંથી થોડે દૂર હું તને તેમની પાસે લઈ જઈશ: છતાં આપણે ત્યાં ના જઈએ તો ઠીક, કેમકે તેથી તેમના ધ્યાનમાં ખલેલ પડશે. પરંતુ તું તો ઊંચો, કદાવર, બળવાન, ભપકાદાર, ને મ્હારી પેઠે જુવાન છે: છતાં મ્હારા કરતાં ઘણો મ્હોટો છે! કેમકે, જો, હું આંગળીઓ પર ઊંચી થાઉં છું ત્યારે કયમે કરી તારે ખભે પહોંચું છું. તારા કેશ સિંહની કેશવાળી જેવા છે, તું તેના જેવી ભવ્ય

આકૃતિવાળો છે, સર્વથા અદ્ભુત છે, અને તારા જેવો પુરુષ જોયા વિના મ્હારા માનવામાં આવે જ નહિ. મ્હેં ઘણી વાર પુરુષો વિષે વિચાર કર્યો છે, પુરુષો કેવા હોય તેની કલ્પનાઓ કરી છે, પણ તારા જેવી આકૃતિ સ્વપ્નમાંએ જોઈ નહિ. મ્હારો હાથ જો, ને તારો હાથ જો; અથવા મ્હારા ને તારા ભુજ ને પગ સરખાવી જો; એટલે તને સમઝાશે કે હું તારી તુલનાએ કેવી ન્હાની ને અબળા છું!

તે બોલતી હતી ત્યારે રાજા તેના ભણી જોઈ રહ્યો હતો; અને તે બોલી રહી ત્યારે હરખાઇને હસવા મંડી પડયો, અને બોલ્યો: હે નાજુક સુંદર પુષ્કરાક્ષી, તારૂં બળ કેટલું છે અને ક્યાં છે તેની તને ખબર નથી; પણ તારી માતા કોણ હતી? તારે મા હતી ખરી? અથવા આ વનના કોઇ વૃક્ષમાંથી પુષ્પની પેઠે તું ઉત્પન્ન થઇ ન્હોતી? તેણે કહ્યું: ના, મ્હારે મા હતી: પણ અરેરે! ઘણા કાળ પૂર્વે તે અદૃશ્ય થઇ ગઇ, અને મ્હને તે

સાંભરતું એ નથી. કારણ કે તે એક સ્વર્ગની અપ્સરા હતી, અને આ વનમાં તપ કરતા મ્હારા પિતાને લલચાવી તેમના તપનો ભંગ કરવા ઇન્દ્રની આજ્ઞાથી અહીં ભૂલોકમાં આવી હતી. મ્હારા પિતા સાથે થોડો સમય રહી તે ચાલી ગઇ, સ્વર્ગમાં ઊડી ગઈ, અને હું તથા મ્હારા પિતા અહીં વનમાં જ રહ્યાં. રાજા બોલ્યો : તારા પિતાનો શો વાંક ? તારા લાવણ્યનો સ્હેજ પણ અંશ તારી માતામાં હોય, તો તે અડગ નિશ્ચયને પણ ઠગાવી દે એમાં નવાઇ નહિ. તું કહે છે તેની સત્યતા વિષે તું પોતે જ સાક્ષી રૂપ છે. કારણ કે નિઃસંદેહ તું અપ્સરાની જ પુત્રી છે. તેણે પૂછ્યું : તેં કોઇ દિવસ અપ્સરા જોઇ છે ? રાજા હસ્યો અને બોલ્યો : ના, આ ક્ષણ સુધી તો જોઈ ન્હોતી. પણ ચાલ હવે, હું પેલા ઝાડે મ્હારો ઘોડો બાંધી આવું, અને પછી તું કહીશ તો આપણે સાથે બેસી વાતો કરીશું. હું તારો સાથી બનીશ અને તું નહિ જાણતી હોય એવું એવું તને કહીશ, પણ તારે મ્હને તારા સિવાય બીજા કશાની વાત કરવી નહિ.

તે ખુશ થઇ બોલી : હા, જલદી બાંધી આવ. રાજા તેના પ્રત્યે ક્ષણભર જોઈ રહ્યો, ને પછી બોલ્યો: મીઠી નીલનેની, તને મ્હારી બ્હીક લાગતી નથી? એટલે જિજ્ઞાસાથી તે તેના ભણી નિઃશંક મને જોઇ રહી, અને બોલી : શાની બ્હીક લાગે? તું મનુષ્ય નથી? અને વિધાતાનાં સરજેલાં કયાં પ્રાણી પોતાના જાતભાઇને ઈજા કરે છે? તેનાં સ્મિતભર્યાં નિર્મળ નેનની બારીમાંથી રાજા તેનો આત્મા જોઇ રહ્યો; અને કેવળ આનંદથી વળી ખડખડ હસી પડયો. તેણે વિચાર્યું : અહા! આની મનોહર ઋજુતા શી સુન્દર છે! એને ખબર નથી કે માત્ર મનુષ્ય આ નિયમનો અપવાદ છે. પછી તે બોલ્યો : વનના મીઠા ફૂલ, તને ચૂંટી લઇ ઘોડે બેસાડી મ્હારે ઘેર લઈ જવા હું લલચાઉં તો? છતાં બ્હીશ મા; કેમકે તારૂં માનવું ખરૂં જ છે: વિધાતાનાં સરજેલાં સર્વ પ્રાણીઓમાં હું તો તને ઇજા કરૂં જ નહિ. આટલા જ માટે વિધિએ પુરુષોને બળવાન બનાવ્યા

છે, કે તારા જેવી અદ્ભુત અબળાઓનું રક્ષણ થાય. પછી તે મનમાં બોલ્યો : મ્હારા અનુચરો મ્હને સાંઝ સુધી શોધી કહાડે નહિ તો બહુ જ સારૂં; દૈવ અનુકૂળ હશે, તો આ મદિરાક્ષી કુંવરીનો હું વિશ્વાસપાત્ર બનીશ અને તે મ્હારી સાથે આવે એમ કરીશ. અથવા તેમ નહિ બને, તો સદાકાળ એની સાથે આ વનમાં જ વસીશ, અને એને ખાતર આ વનવૃક્ષ જેવો અહીં અચળ થઇ રહીશ.

પછી તેણે ઘોડો લઈ ઝાડે બાંધ્યો. પછી બંને જણ સાથે ચાલ્યાં અને નદીકાંઠે શેવાળવાળાં પગથિયાં પર જઈને બેઠાં : એક પગથિયે રાજા, ને તેને નીચલે જ પગથિયે નીલનેની.

૩

પુરુષ અને પ્રકૃતિ

અને ત્યાં, ઘડીમાં નદી ભણી ને ઘડીમાં **નીલનેની** ભણી જોતો, રાજા થોડીવાર શાંત બેસી રહ્યો. પણ મ્હોટી અનિમેષ આંખે તે તો તેના ભણી તાકી રહી હતી અને તેના સિવાય બીજું કાંઇ દેખતી જ ન્હોતી. એકાએક તે બોલ્યો : **નીલનેની, નીલનેની**, આ વનમાં આપણો મેળાપ થયે કેટલી વાર થઈ હશે વારૂ ? તેણે કહ્યું : એક ક્ષણ જ થઇ છે. તે બોલ્યો : તારી ભૂલ છે. આપણે મળ્યે હઝારો વરસ વીતી ગયાં. તેણે ચકિત થઇ તેના સ્હામે જોયું, એટલે તે બોલી ઊઠયો : હા ! જોયું કે ? તું કેવી મનોહર છે ! અહા, તારી આંખો આશ્ચર્યચકિત થઈ છે, અને મ્હારા મનમાં હરખ

માતો નથી. વત્સા, જો, પેલી નદી આરંભકાળથી એમ ને એમ વહ્યે જ જાય છે; અને જો આ હું રહ્યો, તારે મન પહેલો અને એકનો એક પુરુષ; અને આ તું બેઠી, મ્હારે મન એકની એક સ્ત્રી, અને સ્ત્રીત્વનો આદર્શ ને આત્મસ્વરૂપ. અને પુરાણ પુરુષની પેઠે હું એકલો, નિરાધાર, દુઃખી, તારા વગર અન્ધારામાં આમ તેમ ભટક્યા કરૂં છું, અને આખરે હવે મ્હને તું, મારી પ્રકૃતિ, મળી છે; કેમકે તું સ્ત્રીના સુન્દર દેહમાં મૂર્તિમન્ત થતો આ વનશ્રીનો આત્મા જ છે. તને નિહાળતાં મ્હારા મનમાં આ-નન્દ માતો નથી, તું મ્હને મળી તેથી હું હરખાઉં છું, અને પહેલાંનો પુરુષ મટી જઈને હું પણ તારી પેઠે જાણે એકાએક બાળક બની ગયો હોઉં એમ મ્હને લાગે છે. અને આ બધું આપણા સમાગમ પછીની ક્ષણમાં જ બની ગયું છે; તે ક્ષણ એક જીવન ઊઘાડનાર ને બીજું જીવન બંધ કરનાર દ્વાર સમાન છે, અને આદિ ને અન્ત ઉભય જેવી છે.

એટલે તે બોલીઃ તારૂં કહેવું હું સમઝતી નથીઃ છતાં વગર અટકયે તું બોલ્યે જ જાઃ કારણ કે તેથી હું સદાકાળ તારૂં મુખ જોઇ શકીશ ને તારી વાણી સાંભળી શકીશ. રાજાએ કહ્યુંઃ નીલનેની, તું નથી સમઝતી તેની ફિકર નહિઃ કદાચ હું અર્થ વગરના આડાઅવળા શબ્દો બોલતો હઈશ, કેમકે તારાં મ્હોટાં નેને મ્હારી બુદ્ધિ ભ્રમિત કરી છે અને હું શું બોલું છું તે હું પોતે જ બરાબર જાણતો નથી. પણ હવે તારો વારો આવ્યો. અને મ્હને કહે, કે તું એકલી આ નિર્જન વનમાં શી રીતે દહાડા કહાડે છે. તારે મ્હારા વગર બીજા કોઈ સોબતી છે ખરા? તેણે કહ્યું: મ્હારા સોબતીમાં વનનાં હરણાં, આ વિશાળ વડમાં રહેતા પોપટ, દહેરાની ભીંત પર ઊભેલો પેલો મોર, બલિદાન ખાવાને દરરોજ આવતા કાગડા, અને જળ સીંચી ઊછેરેલાં મ્હારી વેણિમાં ગૂંથેલાં ફૂલ. વળી, કામ પણ મ્હારે ઘણાં કરવાનાં હોય છે. કોઇ વાર હું

વનમાં ફરતી ફરતી ફૂલ શોધું છું, અને વૃક્ષોમાં રમતાં વાંદરાં તથા ખિસ્કોલીઓ જોયા કરૂં છું: અને થાકું ત્યારે નિરાંતે બેસીને મ્હારા કેશ જોડે રમત કરૂં છું, અંબોડો છોડું ને પાછો વાળું; કેમકે મ્હારા વાળ મ્હારા દેહ કરતાં લાંબા છે અને મ્હને નડે છે, તેથી આ પ્રમાણે મ્હારા પિતાની પેઠે માથે તેનો મ્હોડો અંબોડો વાળું છું. કોઇ વાર મ્હારા પિતાને મળવા જાઉં છું, પણ મ્હને એમની બ્હીક લાગે છે, કેમકે એમનો દેહ ત્યાં છે તથાપિ તે લગભગ હંમેશ અચેતન દશામાં હોય છે. વળી કોઈ વાર પવન શાંત હોય ત્યારે હું નદીને તટે બેસું છું, અને તેના દર્પણમાં નીચે ઘણે દૂર નીલ આકાશમાં ઊડતાં વાદળાં નિહાળું છું: તે પાણીની સપાટી ઉપર તરતા હંસ જેવાં જ દેખાય છે. આ નદી જ મ્હારે મન એક મિત્ર છે, કેમકે હું હંમેશ તેમાં ન્હાઉં છું, અને ઘણી વાર હું બેઠી બેઠી વિચાર કરૂં છું કે આ નદી ક્યાંથી આવતી હશે અને

ક્યાં જતી હશે, અને તેમાં શું શું તણાઇ જાય છે તે જોવા ડોકું ઊંચું કરૂં છું: ચોમાસામાં તેનું રૂપ પલટાઇ જાય છે, તે ગુસ્સે થઇ રાતી બને છે, ખડબડે છે ને ચીડાય છે, અને ફાલીને છેક પેલા ઝાડના મૂળ સુધી પહોંચે છે. વળી કોઇ વાર પૂર્ણિમાની રાત્રીએ હું ઝાડની બખોલમાં સંતાઉં છું, અને પાણી પીવા આવતા હાથીઓ ભણી ડોકિયાં કરૂં છું. રાજાએ પૂછ્યું: પણ બીજાં પ્રાણીઓ તને ઇજા કરતાં નથી ? તેણે ઉત્તર દીધો: ના, તેમની મગદૂર નહિ; કેમકે તે બધાં મ્હારા પિતાને સારી રીતે ઓળખે છે, ને એમની બોલીમાં જ મ્હારા પિતાએ એમને સર્વને દમ દીધો છે. એમનાં બધાંના પેટમાં ફાળ છે, કે મ્હને ઇજા કરે, તો પિતાજી એમને શાપ દે અને શાપને બળે તેમને *તિર્યંગજાતિમાં જ પૂરી રાખી મનુષ્યયોનિમાં કદી આવવા જ ના દે. રાજા મ્હોટેથી બોલ્યો: ખરે-

* તિર્યંગ=પશુ

ખર ! તને ઈજા કરનાર અધમમાં અધમ જાતિમાં સદાસર્વદા પૂરાઇ રહેવાને લાયક જ છે. અને ભયંકર શાપની છાયામાં તારૂં રક્ષણ કર્યા બદલ હું તારા ભલા વૃદ્ધ પિતાજીનો ઉપકાર માનું છું. પણ તેં હમણાં જ વર્ણવ્યું તેમ છતાં, ખરેખર તારૂં જીવન એકલવાયું જ ગયું છે. મનુષ્યજાતિવાળા સોબતીનું—મ્હારા જેવા કોઇ ગોઠિયાનું—તને મન થતું નહિ ?

પછી તેણે કહ્યુંઃ પહેલાં હું સમઝતી ન્હોતી, પણ તારા દર્શન પછી મ્હને સમઝાય છે કે હું એકલવાઇ હતી. કારણ કે જળમાં પડેલા મ્હારા પ્રતિબિંબને હું ઘણી વાર નિહાળતી, મ્હારી મૂર્તિ સાથે વાતો કરતી, અને મ્હને થતું કે તે પ્રત્યુત્તર દે તો કેવું સારૂં. કોઈ વાર ચાંદનીમાં હું મ્હારા પડછાયા જોડે રમતી અને મને એટલી બધી તીવ્ર ઇચ્છા થતી કે એ પડછાયો જીવન્ત બને. અને ઘણી વાર મ્હને કંઇ અનેરી ઇચ્છા થતી, જોકે શાનો

અભિલાખ થતો તે મ્હને સમઝાતું નહિ; પણ હવે હું નિશ્ચયપૂર્વક કહી શકું છું કે જે હું ઝંખતી તે તું જ છે. અને હું તારૂં મુખ જોઉં છું ને તારી વાણી સાંભળું છું, ત્યારે હું મુંઝવણમાં પડી જાઉં છું કે આટલા દિવસ મ્હેં તારા વગર શી રીતે કહાડયા. કેમકે તું મનુષ્યદેહધારી મ્હારો બીજો આત્મા છેઃ તું બીજો છે, છતાં પહેલો આત્મા જે હું તેના કરતાં અધિક છે.

રાજા તો આવેશભર્યે દિલે તેના સ્હામે ટગ-ટગ જોઈ જ રહ્યો. અને તે મનમાં બોલ્યોઃ આ બાલા અનુપમ ને અપ્રતિમ લાવણ્યમયી કન્યાના રૂપમાં મુગ્ધતાની મૂર્તિ જ છે, અને પોતે જે બોલે છે તેનો અર્થ સમઝતી નથી. કેમકે તેના હૃદયમાં સંતાતો છુપાતો પ્રેમ જણાય છે, અને હજુ તે એ વાતથી અજાણ છે. છતાં, એ અજાણ છે, પણ હું તો સારી પેઠે સમઝું છું—અને હવે તો બહુ જ સારી પેઠે—કે પ્રેમ થવો એટલે શુંઃ કેમકે મ્હારૂં

હૃદય તે ભડકે બાળે છે, અને પોતાના સૌન્દર્યના પ્રભાવથી તે કેવળ અજ્ઞ હોવાથી તેનો પ્રતાપ અસહ્ય થઇ રહ્યો છે. પછી તેણે કહ્યું: હે *કુવલયાક્ષી, તું મ્હને આનો જવાબ દેશે? જળમાં પડેલા તારા પ્રતિબિંબની પેઠે હું તારી મૂર્તિ બની જાઉં, પુરુષ મટી જઈ સ્ત્રી બની જાઉં, તો તને ગમે કે નહિ? એટલે તેણે નિઃશંક મને જવાબ દીધો: ના, ના, તું છે તેમ જ ઠીક છે. આ સાંભળી હર્ષથી રાજા રોમાંચિત બન્યો. તેણે પૂછયું: કેમ, એમ કેમ? થોડી વાર વિચાર કરી તેણે કહ્યું: હું સમઝી શકતી નથી. છતાં મને એમ થાય છે કે તું મ્હારા જેવો નહિ, પણ મ્હારાથી જુદો જ હોય તો સારૂં; છતાં તેનું કારણ હું કળી શકતી નથી. પણ તું જેવો છે તેવો જ ઠીક છે, પછી તેના કારણનું શું પ્રયોજન છે? એટલે રાજાએ વિકારયુક્ત ચિત્તે કહ્યું: મધુરી, તું ખરૂં કહે છે. હા, હું છું તેવો જ ઠીક

* કુવલય=નીલ કમળ.

છું, અને તેના કારણનું કાંઇ જ પ્રયોજન નથી.

તે બોલતો હતો એટલામાં હવામાં કાંઈ ઝીણો ખડખડાટ થયો. તેણે ભયથી ઊંચે જોયું, કાન દઇ સાંભળ્યું, ને બૂમ પાડીઃ અરે ! એ શું ? તેણે કહ્યુંઃ કંઇ નહિ, એ તો ન્હાના વાંસના પોલાણમાં થતો પવનનો સૂસવાટ છે.

૪

પરપોટા

એ સાંભળી રાજાનું હૃદય હલકું થયું: કેમકે એના પેટમાં ધ્રાસકો પડયો હતો કે અનુચરો આવી પહોંચ્યા. પછી તે બોલ્યો: હે નીલનેત્રી, તારૂં નામ આમ કોઇએ પાડયું છે ખરૂં ? તેણે કહ્યું: મ્હારી માનું નામ હતું તેજ મ્હારૂં નામ છે. રાજાએ પૂછ્યું: શું? તેણે કહ્યું: ઘણા કાળ પૂર્વે આ વનમાં મ્હારા તાએ મ્હારી માતાને પ્રથમ જોઇ, ત્યારે જાણે તેના પાદસ્પર્શથી જ સર્વતઃ કુસુમિત થઇ ગએલા એક +વૃક્ષ પાસે તે ઊભી હતી.

+ સંસ્કૃત કવિઓની એક સુન્દર કલ્પના છે, કે અશોક વૃક્ષને (આસોપાલવને) કોઇ સુન્દરીના પગનો સ્પર્શ થાય કે તરત જ ફૂલ આવે; (જુઓ **રઘુવંશ**, ૮, ૬૨).

અને જાણે તેને ચૂમવા ઈચ્છતા હોય તેમ ઉત્સુક ભમરાઓ તેની ને વૃક્ષની આસપાસ ગુંજારવ કરી રહ્યા હતા. મ્હારા પિતાએ આ દૃશ્ય જોઈ મ્હારી માને એક વિચિત્ર નામે સંબોધી; અને તે નામ મ્હને પણ વારસામાં મળ્યું છે. કેમકે પિતાજીએ મ્હને કદી બીજે કોઇ નામે બોલાવી નથી. રાજાએ પૂછ્યું : ત્યારે એ નામ તે કયું વારૂ? તે બોલી : +અલિચુંબિતા. એટલે રાજા તાળી પાડી બોલી ઊઠયો: વાહ, વાહ, તારા પિતાને ધન્ય છે, અને તારૂં નામ યોગ્ય જ છે. અને મ્હારી ખાતરી છે, કે પેલા ભાગ્યશાળી વૃક્ષનો તારી સાથે વધારે ગાઢ સંબન્ધ હોવો જોઇએ. અપ્સરાની વાત તેં જોડી કહાડી લાગે છે; અને તારી ખરી માતા તો પેલા સુગન્ધ-મય ભ્રમરવાસિત વૃક્ષની અધિષ્ઠાતા દેવી જ હોવી જોઈએ. તેણે કહ્યું : ના, ના, મ્હારી મા એક અપ્સરા જ હતી. રાજા બોલી ઊઠયો : પણ તારૂં કહ્યું

+ અલિ=ભ્રમર.

મ્હારે માનવું શી રીતે ? કારણ કે મ્હારા મનમાં ક્યારનોએ વ્હેમ પડવા માંડયો છે કે તારે માબાપ હશે જ નહિ, પણ કોઈ દેવે જ ભ્રમર રૂપે ફૂલે ફૂલે ફરી પ્રત્યેક પુષ્પનું સુગન્ધસત્ત્વ ને પ્રત્યેક પલ્લવનો વિકસિત રંગ લઈ તેની મેળવણી કરી તને સરજી હશે. તેણે હસતાં હસતાં પૂછ્યું : ત્યારે તું શાની મેળવણીથી થએલો હશે ? રાજાએ તેના ભણી આનન્દથી જોઇ કહ્યું : તારો સરજનહાર દેવ, અને મ્હારો તું. કેમકે આ ક્ષણ સુધી હું તો જીવતો જ ન્હોતો, અને આ બધાં તારાં જ વાનાં છે. હું તને એક ખાલી છીપ જેવો જડયો, અને તેં મ્હને રંગ, વિકાર, લાવણ્ય, હર્ષનાદ, ને સુખચેનરૂપી તરંગોના ઉછાળાથી ભરપૂર કર્યો. હવે તું મ્હને તારા કાન આગળ લઇ જાય, તો હું તેમાં સાગરની પેઠે ધ્વનિ કરૂં. તે બોલીઃ વળી હું તારૂં કહેવું સમજતી નથી. રાજાએ કહ્યું : હે નીલસાગર, કંઇ ફિકર નહિ. પણ તારાથી પરિપૂર્ણ હોવાથી તારી છીપ, પોતાની

ઇચ્છા હશે કે નહિ હોય, તોપણ ઝીણા ઝીણા નાદ કર્યા જ કરવાની. છતાં, આટલું તો તું હવે નક્કી સમજે જ છે, કે મારૂં કહેવું ખરૂં હતું કે થોડી વાર પહેલાં આ વનમાં આપણે મળ્યાં ત્યારથી અ-ત્યાર સુધીમાં સૈકાંનાં સૈકાં વહી ગયાં છે. કેમકે મ્હારા એ ક્ષણ સુધીના જીવનનો એકેએક અંશ હું તદ્દન વીસરી ગયો છું, અને મ્હેં કહ્યું તેમ, તારા મુખનું દર્શન થયું ત્યારથી જ મ્હારા જીવનનો આરંભ થયો છે. અને તને પણ માલૂમ પડયું છે, કે હું અહીં આવ્યો ત્યાં સુધી તેં માત્ર એકાન્તજીવન ગાળ્યું છે. આપણે બંને જાણે ઊંઘતાં હતાં અને હમણાં જ જાગ્યાં એમ લાગે છે. આપણે સહચર થયાં છીએ, અને હું રાજા થઇશ ને તું રાણી થજે. અથવા તેં કદાચ રાજારાણીનું નામે સાંભળ્યું નહિ હોય. તેણે કહ્યું : ના, ના, સાંભળ્યું છે. કારણ કે મ્હારા પિતા તપમાં આટલા બધા નિમગ્ન થઈ ગયા તે પહેલાં તે મ્હને વાર્તાઓ કહેતા. અને લગભગ

હરેક વાતોમાં રાજારાણી તો હોય જ. પછી રાજા બોલ્યો : ત્યારે જો હું રાજા હોઉં, તો તું મ્હારી સાથે આવીને રાણી થઈ રહે ? તે હસી પડી ને બોલી : પણ રાણીના ધર્મ ને વર્તનથી કેવળ અજાણ મ્હારા જેવી રાણીપદે શોભે ખરી ?

રાજાએ કહ્યું : નાજુક મધુરી રાણી, તને ખબર નથી, પરંતુ રાણીપદ શોભાવવાની તારી યોગ્યતા અદ્વિતીય છે. રાણીના ધર્મ શીખતાં વાર લાગે એમ નથી, અને સુખવૈભવ તો તારા સ્વપ્નામાં એ નહિ હોય એવા એવા છે. એ જોવા હોય તો તું મ્હારી સાથે આવે એટલી જ વાર છે. અથવા તું કહે તો હું હવામાં એક ચિત્ર દોરી તારી સમક્ષ ખડું કરૂં, જેથી કરીને રાણી તરીકેના તારા ભાવી જીવનની આરસી તારી આંખ આગળ આવી ઊભી રહે અને તને એ જીવનનો રસાસ્વાદ પહેલેથી કરાવે. આ જળપ્રવાહ પર થતા પરપોટા તેં કદી નિહાળ્યા નથી ? તને ખબર નથી કે પ્રત્યેક પરપોટો એક ન્હાનકડા

સ્વર્ગ સમાન છે, એક ક્ષણભર આકાશના સર્વ રંગોથી ચકચકે છે, અને પછી ફૂટી જાય છે: તોપણ આકાશ રહે છે ? મ્હારૂં ચિત્ર પણ તેવું જ છે. કેમકે માત્ર શબ્દમય હોવાથી ચીતરાશે કે તરત જ ફૂટી જશે: પણ તેની આરસીમાં જે સ્વર્ગ દેખાશે તે તો તું જીવે ત્યાં સુધી તારૂં જ છે.

એટલે તેણે કહ્યું: ત્યારે ચિત્ર દોર, અને તારૂં સ્વર્ગ મ્હને દેખાડ. એમ કહી ગાલે હાથ દઇ તે સાંભળવાને તત્પર થઇ, અને રાજા તરફ એટલી ઉત્સુકતાથી જોઇ રહી, કે તે ક્ષોભથી ધ્રૂજી ઊઠ્યો; કેમકે તે ક્ષણે તે સુન્દરીને બાથમાં લેવાનું તેને ખૂબ મન થઇ આવ્યું. તેણે કહ્યું: નીલનેની, તું મ્હારી રાણી થાય, તો હું તારે માટે એક મહેલ બનાવું, તેને સાત માળ ઊંચો લઉં, તેમાં *અબનુંસ અને ચન્દનનું લાકડું વાપરૂં, અને તેને સોને ને રૂપે મ્હડું. હા, તું મ્હારી રાણી થાય, તો આ

* ebony, कोविदार.

ખડબચડી જમીન કરતાં આ તારા નાજુક પગને વધારે લાયક ફરસબંધી ઉપર, રંગબેરંગી આરસની ભૂમિ ઉપર, અને રત્નજડિત ભોંય ઉપર તને ચાલવાનું મળશે. તું મ્હારી રાણી થાય, તો હું તરત જ તારાં વલ્કલ ઊતારી નાંખું, અને તને રેશમી સાડીઓ ને મેઘધનુષ જેવા ફૂલેવાળ પહેરાવી દઉં: એટલે રેસાવાળા આછા વાદળાની પાછળ રહેલા ચન્દ્રની પેઠે તારાં સુષ્ઠુ અંગ કરોળિયાની જાળ જેવાં ઝીણાં પારદર્શક વસ્ત્રમાંથી શોભી ઊઠશે. અરે! તું મ્હારી રાણી થઈ મ્હારી સાથે આવે, તો હું તારે ગળે ને હાથે અગણિત રત્નો સજું, અને તને રમવાને માટે મોતીના, પરવાળાના, અને રત્નાકરના ભંડારના ઢગલે ઢગલા આપું. અહા! કદાચ તારી આંગળીમાં કશું ભોંકાઇ જાય, તો હું તને એક માણેક આપી રીઝવું, અને તને એક આંસુ આવે તો તેના બદલામાં હું તને એક મણિ આપું, અને તારાં નેનનો રંગ સરખાવવાને પિરોજા,

વૈડૂર્ય, ને દૂધિયા પત્થર એકઠા કરી વ્યર્થ પ્રયત્ન કર્યાં કરૂં. અહા ! તું આવે તો, સોનેરી થાળીઓ-માં ખાવાનું અને બિલોરી પ્યાલામાં ઠંડું ગાર પાણી પીવાનું મ્હારી કોમળ રાણીના મ્હોં આગળ *દાસીઓ રજૂ કરશે, અને તારી ઈચ્છા હશે ત્યારે તારા નાજુક કાનને સંગીત સંભળાવશે. અને તું હાથી પર બેસી ફરજે; અથવા ઘોડા પર સવારી કરજે; અથવા કમળગણુથી આચ્છાદિત, તારાસમેત નભોમંડળ જેવી, શાંત, નિર્મળ તળાવડીમાં સહેલ કરજે; અથવા બપોરના તાપમાં કમળદળના સુગન્ધમય પંખાથી શાંત થતી થતી, કે મધરાતે બારીની જાળીઓમાં ઝૂલતા ઝમતા ચન્દ્રકાન્તોનો રવ સાંભળતી સાંભળતી, કુસુમથી એ કોમળ સેજમાં સૂઇ રહેજે. અરે, નીલનેની, ચાલ તું મ્હારી રાણી થા, કેમકે તારા વગર મ્હારાથી જીવાશે નહિ, અને મ્હેં હમણાં કહ્યું તે બધું તો કંઇ જ નથી, કેમકે

* 'slaves.'

એ તો માત્ર તારા મનરૂપી રત્નને મૂકવાનો દાબડો છે. હું પોતે જ ત્યાં હોઇશ અને આખો દિવસ ઊભે પગે તારી સેવામાં હાઝર રહીશ. અહા ! હું તારા આત્માને હરી લઇ સ્પર્શમણિના રસમાં ઝબોળીશ, વાર્તાઓ ને સ્વપ્નોની મહમહતી મ્હેકમાં તરબોળ કરીશ, અને પેલા નીલ ક્ષિતિજની પેલે પાર દૂરના દેશમાં આવેલાં સ્નેહસરોવરના સૂક્ષ્મ સત્ત્વમાંથી નીચવી કહાડેલા રંગે રંગી દઇશ. અરે ! ત્રણે લોકને ઊંધા ચતા કરીને પણ હું તારી પાસે જ રહીશ, અને હે અતિ સરલ સુષમ રાજ્ઞી ! તારા સુખવૈભવનું પ્રતિબિંબ તારી આંખમાં નિહાળ્યા કરીશ.

તે બોલતો હતો ત્યારે તે તેને નિહાળી રહી હતી, અને તે બોલી રહ્યો તોપણ શાંતિથી તે તેના ભણી જોઈ જ રહી. પછી તેણે આંખો નીચી નમાવી દીધી, અને તેની લાંબી સુંવાળી પાંપણોની છાયાવાળા ગાલ પર સ્હેજ સુરખી ચડી આવી, તે જોઈ

રાજાને નવાઇ લાગી. તે બોલીઃ—ના, ના, મ્હને અનુભવ નથી તેથી તું મ્હને હસે છે, કેમ ? તારા કહેવા મુજબ તારાં વેણુ માત્ર પરપોટા છે, પરસ્પર અથડાતાં ફૂટી જતા સુન્દર માયિક પરપોટા જ છે. તેમ જ મ્હારે એવી રાણી થવું નથી. જિજ્ઞાસાથી રાજાએ પૂછ્યુંઃ—હે દુરારાધ્ય બાલિકા, ત્યારે તારા વિચાર પ્રમાણે રાણી કેવી હોય વારૂ ? એક ક્ષણ વિચાર કરી, નજર ભોંય પર જ રાખી, તે બોલીઃ—એક વાર પિતાજીએ એક રાણી વિષે મ્હને વાત કહી હતી, પણ તે તારી રાણી કરતાં જુદી જ હતી. એ વાત એમણે મ્હને કહી હતી તેવી તો હું તને નહિ કહી શકું, કેમકે એમની પેઠે હું પંડિત નથી. એમણે કહ્યું હતું કે એક રાજા પર તેના શત્રુઓ ચડી આવ્યા ને તેને ગાદીએથી ઊઠાડી મૂક્યો. અને આખી દુનિયાએ તેને તજી દીધો ત્યારે પણ એક જણ તેને વળગી જ રહ્યું. તે એની રાણી હતી; અને તેણે રાજાની સાથે દેશવટો લીધો,

ગરીબાઈ માથે ચડાવી, આખા જગતમાં તેની પાછળ પાછળ તેની છાયાની પેઠે આખડી, તેં ગણાવ્યાં તેમાંનું એકે સુખ ભોગવ્યું નહિ, છતાં તેના સર્વ સંકટમાં ભાગિયણ થઈને રહી, અને તેમ કરવામાં સૌ સુખથી સર્વાંશે અધિક સુખ માન્યું. અને જ્યારે રાજા મરણ પામ્યો ત્યારે તે પાછળ જીવી નહિ, પણ સતી થઈ તેની સાથે પરલોકમાં ગઇ.

૫

ચિત્રિત રમણી

રાજા અચંબાથી સાંભળી રહ્યો, અને તે કહી રહી એટલે ચળકતી આંખે તેના ભણી જોઇ રહ્યો. તે વખતે, જાણે પોતાની વાણીથી શરમાઇ ગઈ હોય તેમ, તેની સમક્ષ ભોંય પર નીચી નજરે બેઠેલી તે સુન્દરી ભણી તેનું હૈયું ઊછળ્યું. તેણે તાળી પાડી, અને મનમાં બોલી ઊઠયોઃ—અહા ! વિધાતાની ગતિ ન્યારી છે. પ્રાણીમાત્રને પોતપોતાના આચરણના નિયમ તે અનાયાસે શીખવે જ છે. કેમકે આ પંકજ સમાન બાલા, કોઈની સાહ્ય વગર, અને જાણે સ્વાભાવિક પ્રેરણાથી, સુપત્નીનો બધો ધર્મ સમઝી ગઈ છે, અને તે પણ તેણે પુરુષને જોયો સરખોએ નથી તેવી સ્થિતિમાં જ. પછી તે બોલ્યોઃ—મ્હારી મીઠી

ન્હાની જોગણુ, ધીર પિતાની યોગ્ય શિષ્યા, તારા કેશ જ તારા પિતાના જેવા છે એમ નથી; તેં મ્હને ખરેખર યોગ્ય ઠપકો દીધો છે. મૂર્ખ થઈ હું તને ઉપદેશ દેતો હતો, ત્યાં તો રાણીના આચરણ વિષે મ્હને જ બોધ મળ્યો. અને મ્હને હવે સમઝાય છે, કે તું રાણી થવાને સુયોગ્ય જ છે એમ મ્હેં કહ્યું ત્યારે મ્હારી ધારણા કરતાં હું વધારે સત્ય વચન કહેતો હતો. માટે હવે તું મ્હારી ગુરુ છે, અને હું તારો શિષ્ય છું; અને હું જે જે બાબતમાં અજાણ છું તે તે તું મ્હને ભણાવજે. ચાલ શરૂ કર, મ્હારા ન્હાના નાજુક ગુરુ, મ્હને પાઠ આપ, કેમકે મ્હારે ઘણી જરૂર છે. એટલે તે હસી, ને શરમાઇને બોલી: વળી તું મ્હને હસવા મંડયો કે ? શહેરમાં રહેનાર ને સ્ત્રીપુરુષના સમાગમમાં આવનાર તારા જેવાને એક ભોળી વનની બાળા તે શું શીખવી શકે ? રાજાએ તરત જ ઉત્તર દીધો:—અરે ! વ્હાલી નીલનેની, તેથી જ તેં મ્હને ઘણું ઘણું નવું શીખવ્યું

છે. કારણ કે શહેરમાં રહેનારના મનને કુસંગનો પાસ બેસે છે અને તેથી તે કલુષિત થાય છે; પણ તારૂં મન તો તારા વાળમાં ગૂંથેલાં ફૂલ જેવું પવિત્ર છે. માટે રાણી વિષે તેં મ્હને પાઠ આપ્યો તેમ રાજા વિષે પણ આપ. આખા જગતમાં તું જેની પાછળ પાછળ ખુશીથી જાય તે કેવો હોય વારૂં ?

આ સાંભળી ક્ષણભર તેના ભણી જોઈ તેણે નજર નીચી કરી દીધી, અને મ્હોં ફેરવી ચૂપ બેસી રહી. રાજા તેને નિહાળતો હતોઃ તેણે જોયું કે સૂર્યાસ્ત સમયે હિમાલયના હિમશિખર પર ચડતા સન્ધ્યાના રંગ પેઠે તેની બોચી ઉપર રતાશ ચડી આવતી હતી, અને તે છેક તેના કાળા કેશનાં મૂળ સુધી પહોંચી ગઈ. અતિશય હર્ષના આવેશમાં તે મનમાં બોલ્યોઃ અહા ! રાત્રિના એકાન્ત અન્ધકારમાં એ, પ્રેમના પ્રભાત પહેલાં, આ શુભ્ર હિમેન્દુકલાને અદૃષ્ટ સૂર્યનું સ્વપ્નદર્શન થયું છે. અને અરે ! મ્હારા પ્રશ્નથી તેનો દેહ રક્ત થયો, તેમ તેના આત્માને

મ્હારામાં રક્ત કરવા સરજાએલો તેના સ્વપ્નનો સૂર્યપ્રીતમ હું છું, એમ ધારવાની મ્હારામાં હિંમત આવે તો કેવું સારૂં ! પણ મ્હારે સાવધાન રહેવું જોઇએ, નહિ તો એકાએક પરિચય કરવા જતાં કદાચ મ્હારી ભીરુ હરણી ચમકીને ન્હાસી જશે. પછી તેણે કહ્યું: મ્હારી વ્હાલી નાજુક નીલનેની રાણી, જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે ઊતાવળો ને અવિનયી થઈ મ્હેં તારા જેવી બાલિકાને શરમ આવે એવું કંઇ કહ્યું હોય, તો મ્હને ક્ષમા કરજે. હું જાણીને સંતોષ માનીશ કે તારા વિશુદ્ધ કલ્પનાપ્રદેશમાં રહેલો રાજા તારા જેવી રાણીને લાયક જ છે, અને અન્ય સ્ત્રીઓથી તું જેટલી ભિન્ન અને ઉચ્ચ છે તેટલો તે અન્ય પુરુષોથી ભિન્ન અને ઉચ્ચ છે.

તેણે નજર જમીન પર જ ઠેરવી રાખીને પગવડે પગથિયા પર લીટા દોરવા માંડયા. પછી ધીરેથી બોલી: ત્યારે બીજી સ્ત્રીઓમાં ને મ્હારામાં શો ભેદ છે વારૂ? રાજાએ કહ્યું: નીલનેની, એમ

પૂછ કે બીજી સ્ત્રીઓમાં ને મ્હારામાં શું સામ્ય છે. કારણ કે ભેદ એટલા બધા છે કે બધા ગણાવતાં બહુ વાર લાગશે. પણ તેમ છતાં, તારી મરજી છે તો, અન્ય સ્ત્રીઓમાં ને તારામાં ભેદ દર્શાવનારી તારી છબી ચીતરવાનો હું પ્રયત્ન કરીશ, અને મ્હારા આત્મદર્પણમાં પડેલી તારી મૂર્તિ તારી આંખ આગળ ધરીશ. તેણે કહ્યુંઃ ભલે, એમ કરઃ કારણ કે બીજી સ્ત્રીઓ કરતાં હું શી રીતે જુદી છું તે જાણવાની મ્હને ઇચ્છા થાય છે. તે બોલ્યોઃ ત્યારે જરા મ્હારા સ્હામું જો, જેથી હું મ્હારૂં કાર્ય આદરૂં તે પહેલાં તારાં દર્શન કરી લઉં. એટલે તેણે આંખ ઊંચી કરી, ને જરાક શરમાઇને તેના સ્હામે જોયુંઃ પછી સ્મિત કરી નજર નીચી કરી દીધી, અને તે બોલ્યો ત્યારે શાંત બેસી રહી.

રાજાએ કહ્યુંઃ નીલનેની, પ્રત્યેક સ્ત્રી તે સ્ત્રી છે, તેમ તું પણ સ્ત્રી છેઃ અને અન્ય સર્વ સ્ત્રીઓ-માં ને તારામાં આટલું જ સામ્ય છે. બાકી, સ્ત્રીનું

પ્રત્યેક વિશિષ્ટ લક્ષણ તારામાં અલૌકિક રૂપે રાજે છે, અને તેની છાપને લીધે અન્ય સર્વ સ્ત્રીઓ કરતાં તું ભિન્ન અને વલક્ષણ દેખાય છે. કારણ કે અન્યની આંખો નીલ હોય છે, પણ તારી વધારે નીલ છે; અન્યના ઓઠ રાતા હોય છે, પણ તારા વધારે રાતા છે; અન્યની ભ્રૂકુટી કાળી હોય છે, પણ તારી વધારે કાળી છે; અન્યનું હાસ્ય ધોળું હોય છે, પણ તારૂં, અહો ! તારૂં હાસ્ય તો, બરફના ચોસલા જેવું અથવા તાજી કુમુદની કળીના દળ જેવું ધોળું ફટક છે. કાળાકાળા કેશ હોય છે ખરા, પણ તારા કેશ તો મધરાત જેવા કાળાભમર છે; ઘણીએ સ્ત્રીઓના પગ નાજુક હોય છે, પણ તારા પગને કોઈ પહોંચે નહિ. અને અહો ! મ્હારી નજરે પડેલી કોઈ પણ સ્ત્રીના કરતાં તારા ભુજ કોમળ ને ગોળ છે, કટી મોહક છે, એ પ્રોત્તુંગ, પ્રોત્સર્પી, સંનિહિત, વિમુખ, ગૌર ઉરોજો ઉન્નત ને ઉદ્દીપક છે: છતાં પગલું ધીમું છે, ગતિ મનોહર છે, કંઠ મૃદુ ને મધુર છે, હાસ્ય મીઠું છે,

મન ભોળું ને આનંદી છે, અને હૃદય કદાચ *કઠણ છે. વળી, અન્ય સર્વ સ્ત્રીઓ કૃત્રિમતાથી ભરેલી છે, પણ તારામાં સ્વાભાવિકતા ઊભરાઇ જાય છે. એટલે તેણે પૂછ્યું: એ ભેદ શો? હું સમઝી નહિ. રાજા બોલ્યો: મધુરી, હું સમઝાવી શકું એમ નથી: છતાં એ ભેદ બીજા સર્વ ભેદના સમુચ્ચય કરતાં પણ મ્હોટો છે. કેમકે સર્વ કૃત્રિમ વસ્તુઓ જાણે મનુષ્યની લઘુતાની મૂર્તિરૂપ છે; પણ તારા જેવી સર્વ સ્વાભાવિક કુદરતી વસ્તુઓ જાણે દેવાંશી છે. કારણ કે રાજાના ઉદ્યાનમાં ઊછેરેલાં પુષ્પમાં ને તે ઉદ્યાનના કોટ પર સ્વચ્છંદે ભમતી વેલીમાં જેમ ફેર છે, તેમ અન્ય સ્ત્રીઓના ને તારા આચરણમાં ફેર છે; અને તારાં વિશાળ નીલ નેન તદન પાખંડ-

---

*સરખાવો:—इन्दीवरेण नयनं मुखमंबुजेन

कुन्देन दन्तमधरं नवपल्लवेन ।

अंगानि चंपकदलैः स विधाय धाता

कान्ते कथं घटितवानुपलेन चेतः ॥

(शृंगारतिलक)

રહિત છે અને પંખી અથવા બાળકના જેવાં મુગ્ધ છે. અને તું પોતે એક ધોળા વન્ય વૃષભની તરુણ સુન્દર નન્દિની છે. તને +વન્ય કહેવાનો પૂરેપૂરો અર્થ હું સમજાવી શકતો નથી : છતાં તારા એ વન્યતાના ગુણને લીધે હું ઘેલો ઘેલો થઇ જાઉં છું. પણ જો, આ સાંઝ પડે છે, અને પવન સ્થિર હોવાને લીધે આ વિશાળ નદીનું પાણી શાંતિથી વ્હે છે; જો, અહીં તહીં કાંઠા પર ઊભેલાં બગલાં નદીની આરસીમાં દેખાય છે, પેલી હંસની જોડ જળમાં ઊંધી ઊભેલી બીજી જોડ જોડે વાતો કરે છે, અને દહેરાની ભીંત પરનો પેલો મોર સૂર્યનાં શેષ રહેલાં કિરણોથી લીલા ભૂરા ને સોનેરી રંગે ચકે છે: આ બધાનું જાણે તું અંગ હોય, આ સર્વ વનદેહનો તું આત્મા હોય, સર્વ વનચર સાથે તારે એકતા હોય, એમ જણાય છે. યોગ્ય સ્થાને જડેલા રત્નસમાન તું દીપે છે. અને આ જળમાં એકાએક ભૂસ્કો

+ વન્ય=સ્વાભાવિક.

મારી મ્હને અહીં એકલો મૂકી તું અલોપ થઈ જાય, એમ મ્હને ડર લાગવા માંડયો છે.

તે બોલતો હતો એટલામાં હવામાં વળી કંઈક ઝીણો ખડખડાટ થયો. તેણે કાન માંડયા, અને ઉચાટથી બોલી ઊઠયો : અરે ! એ શું ? તેણે કહ્યું: એ તો રાત્રે આરામને માટે પાછી આવતી જળકુકડીની પાંખોનો ફફડાટ જ છે.

૬

અન્ધકારનો આરંભ

એટલે, ત્રાસમાંથી બચેલા માણસની પેઠે રાજાએ ઊંડો શ્વાસ લીધો. તે તેણે જોયો, અને કહ્યું: તું બ્હીએ છે. તું શાથી બ્હીએ છે? રાજા બોલ્યો: હા, વ્હાલી **નીલને**ની, ખરેખર હું બ્હીઉં છું, પણ મ્હને એટલી જ બ્હીક છે કે નથી ને આપણી વાતચીતનો અધવચ અન્ત આવે. મ્હને મરણની બ્હીક ના લાગે? કેમકે આપણી વાતચીતના આરંભથી મ્હારૂં જીવન શરૂ થયું છે, તો તેનો અન્ત એટલે મ્હારૂં મરણ જ સમઝવું. અને એક કંજુસની પેઠે જે ભંડારનું હું પૂજન કરૂં છું તે જ મ્હને ખિન્ન કરે છે, કેમકે તેની પ્રાપ્તિના હર્ષમાં નાશનો ભય ભળેલો છે, અને તેથી જ જરાક

ખખડે છે કે હું ચમકું છું. મ્હેં પહેલાં કહ્યું તેમ, મ્હને મ્હોટી બ્હીક તો એ રહે છે કે તું આ જળમાં એકાએક અદૃશ્ય થઈ જાય. તેથી તને પકડીને મ્હારા ઘોડાની પેઠે પેલા ઝાડે બાંધું અને તને ન્હાસી જવા ના દઉં, એમ મ્હને થયાં કરે છે.

એટલે તે હસી પડી, અને બોલી: એમ કરવાની કંઈ જ જરૂર નથી; કેમકે તારી પાસેથી ન્હાસી જવાની મ્હને જરાએ ઇચ્છા નથી. અને હું કંઇ માછલી છું કે આ જળમાં ડૂબકું મારી ન્હાસી જાઉં ? તેણે કહ્યું: વ્હાલી, પાણીમાં રહેનારી અપ્સરાઓ વિષે તારા પિતાએ તને કદી વાત કરી નથી ? કે એમણે કહેલું તું ભૂલી ગઇ ? કે મ્હેં કહ્યું તેમ, તું પોતે જ એક અપ્સરા હોઈ મ્હને છેતરવા આવી છે ? એટલે તેણે પૂછ્યું: પણ આમ માનવાનું કંઈ કારણ વારૂ ? તેણે જવાબ દીધો: કારણ તો ઘણાંએ છે. કેમકે તે સર્વ અપ્સરાઓ તારી પેઠે અતિ સુષમ હોય છે, અને તારી પેઠે જ તળાવડી કે નદીને કાંઠે

અકસ્માત્ત દેખા દે છે, અને મ્હારા જેવા ભાગ્યરહિત પાન્થને લલચાવી પાયમાલ કરી દે છે. તેણે પૂછ્યું: શી રીતે પાયમાલ કરે ? રાજાએ કહ્યું: હે +ઇન્દીવરાક્ષી, એક ક્ષણ વાર દેખા દે, પછી અદૃશ્ય થઇ જાય, તેમના ભોગ થઇ પડેલા દુ:ખી પાન્થનું હૃદય ચોરી જાય, અને કદી પાછી આવે જ નહિ. પરિણામે તે બિચારો, મનોરમ સુન્દરીના ક્ષણિક પણ પ્રાણહર દર્શનથી તીવ્ર પ્રેમોત્કંઠા ને અશરણ શોકને લીધે પીડાયા કરે. માટે યાદ રાખજે! હું તને કહી મૂકું છું કે મ્હને એક વાર દર્શન દીધા પછી હવે તારાથી મ્હને મૂકીને બિલકુલ જવાશે નહિ: નહિ તો મ્હારૂં આવી બન્યું સમઝજે, મ્હારી પાસે સદાકાળ તારે ના રહેવું હોય, તો મ્હને દેખા દીધી એ જ તેં મ્હોટી ભૂલ કરી છે અને તેટલા માટે છેતરપંડી કરનાર ઠગારી ગણીને તને દંડ દેવો જોઇએ.

એટલે તે હસી પડી; અને તેનું હાસ્ય રાજાના

+ ઇન્દીવર=નીલ કમળ.

કર્ણને મધુર સંગીત સમાન લાગ્યું. પછી ધીરેથી બોલીઃ પણ આ તે કેવો ન્યાય ? બિચારી અપ્સરાઓ શું કરે? રસ્તે જનાર બે આંખવાળો પુરુષ તેમને દેખે, તેમાં તેમનો શો વાંક વારૂં ? તેં મ્હને દીઠી તેમાં મ્હારો જરાએ દોષ નથી જઃ ઘોડે ચડી મ્હારા વનમાં આવ્યો તે ખરૂં કહું તો તારો દોષ છે. રાજા બોલ્યોઃ નીલનેની, તું આ પાણીમાં સરી જાય નહિ અથવા બીજી કોઇ રીતે મ્હને મૂકી ચાલી જાય નહિ, તો હું તારો કોઈ દિવસ બિલકુલ વાંક કહાડવાનો નથી. તે બોલીઃ પણ તું મ્હને મૂકીને જતો રહીશ, એમ ઊલટો મ્હને ભય રહેવો જોઇએ. શું સ્ત્રીજાતિને જ છેતરપંડી આવડે છે ? અને અપ્સરાઓ જેવા ઠગારા પુરુષો નહિ હોય ? અધીરાઇથી રાજાએ પૂછ્યુંઃ અહા ! વ્હાલી નીલનેની, હું જતો રહું તેથી તને દુઃખ થશે ? ઉત્તર દેતાં થોડી વાર તેણે વિચાર કર્યો. અને પછી ટોળભરી આંખે તેના ભણી જોતી બોલીઃ આ દુનિયામાં

ઘણાએ પુરુષો છે એમ તેં પોતેજ ન્હોતું કહ્યું ? તો પછી આજે આ વનમાં એક આવ્યો, તો કાલે વળી બીજો આવશે. આ સાંભળી રાજા ચમક્યો, અને તેના ભણી અત્યાનંદથી જોઈ રહ્યો. અને મનમાં બોલ્યો: અહા ! આ તો મ્હને ચીડવે છે, અને ખરે અત્યારે તે ઘણી રમણીય લાગે છે. અરે, આ પંચ મહાભૂતમાં જ સ્ત્રીસ્વભાવ રહેલો હોવો જોઇએ, કારણ કે આ નિર્જન વનમાં પણ આ મદિરાક્ષી કોણ જાણે શી રીતે સ્ત્રીજાતિની લીલા શીખી ગઈ છે: અને એ લીલા જ્યાં હોવાનો સંભવ ઓછો જ ત્યાં હોવાથી અતિ મનોરમ લાગે છે. પછી મ્હોટેથી બોલ્યો: હે અપ્સરાકન્યકા, એ બીજો પુરુષ જે હોય તેને સાવધાન કરજે: કેમકે હું આ વનની આસપાસ ચોમેર ચોકીપહેરો મૂકી જે કોઈ પુરુષ અંદર આવશે તેનો વધ કરાવીશ.

પછી થોડી વાર તેના ભણી જોઈ રહીને તે બોલી: જો, મ્હારી સર્વ કથા મ્હેં તને કહી દીધી

છે, પણ તેં હજી મ્હને તારે વિષે કંઇ જ કહ્યું નથી. વનની આસપાસ ચોકીપહેરો મૂકવાની વાત તું કરે છે તેથી તું રાજા તો નથી? રાજા વિચારમાં પડ્યોઃ હા, હોશિયાર તો ખરી, મ્હને સપડાવ્યો છે. પણ હું કોણ છું તે એને નહિ કહું, કેમકે એ વાત તે જાણે તો મ્હારા રાજવૈભવથી લોભાય અને તેની પ્રીત મ્હારા પર ઢળવાને બદલે મ્હારા વૈભવ પર ઢળે. પછી બોલ્યોઃ ખરેખર, આરંભમાં આપણે કબૂલાત થઇ તે પ્રમાણે, તું રાણી બને તો મ્હારે રાજા બનવું જ પડે. અને બીજો કોઇ પુરુષ મ્હારી રાણીનું અમસ્થું નામ લે તે પણ હું કેમ સહન કરૂં? હું ઊંચ વર્ણનો છું, એક રાજપુત્ર છું, અને મ્હારૂં કુળ જેવું તેવું નથી. પણ એમ ધાર કે હું ખરેખર એક રાજા જ છું, પણ મ્હને દેશવટો દીધેલો છેઃ તો પછી તું કહેતી'તી તેમ મ્હારી પાછળ પાછળ આખા જગતમાં ફરીશ કે? તે હસીને બોલીઃ ના, પણ હું હજી તારી રાણી જ નથી ને;

તારી પાછળ આવવું એ મ્હારો ધર્મ નથી, પણ તારી રાણી કે રાણીઓનો છે. રાજાએ તેને ધારીને જોઇ, અને વિચાર કર્યો. આનું કહેવું અસંબદ્ધ હશે, કે પોતાને સપત્ની છે કે નહિ તે શોધી કહાડવાને જિજ્ઞાસા ને ઈર્ષ્યાપ્રેરિત હશે ? પછી તે બોલ્યો: **નીલનેની**, હું રાજા હોઈશ કે નહિ હોઉં, પણ આટલું તો નક્કી જ છે, કે મ્હારે રાણી કે રાણીઓ છે એ નહિ અને તારા સિવાય બીજી કોઇ થશે એ નહિ. તેમ જ હું પત્ની તરીકે સ્વીકારૂં એવી કોઇ પણ સ્ત્રી, આ વનમાં આવ્યો ત્યાંસુધી, આખા જગતમાં મ્હેં કદી જોઇ નથી. માટે હજી સુધી તેં ઉત્તર નથી દીધો તે હવે દે: હું ખરેખર રાજા હોઉં, તો તું મ્હારી રાણી થઇ મ્હારી સાથે આવે ખરી ?

તેણે ઉત્તર દીધો: હું કુલીન છું એટલે સ્વતન્ત્ર નથી: અને મ્હને ક્યાં દેવી તે મ્હારા પિતાના હાથમાં છે, મ્હારા હાથમાં નથી. આ શબ્દો તેના

મ્હોંમાંથી નીકળ્યા તે જ ક્ષણે તેણે એક તીણી ચીસ પાડી, ને ચમકીને ઊભી થઇ ગઇ. અરે, શું છે ?–એમ મ્હોટેથી બોલતો રાજા ત્રાસભર્યો છલંગ મારી ઊભો થયો. કેમકે તેને સાપ કરડયો એમ તેણે ધાર્યું. પણ તેણે જોયું તો કાંઇ જણાયું નહિ. તે તેની પાસે ગયો, અને જુએ છે તો તેનું તેજ છેક ઊડી ગયું હતું, અને મધ્યાહ્નના તાપમાં જળ વિના કરમાતા પુષ્પ જેવી તે બની ગઇ હતી. ચિન્તાથી તેણે ફરી પૂછયું: **અલિચુંબિતા**, છે શું ? પણ જાણે રાજા ત્યાં છે જ નહિ એમ, નદી ભણી ટગટગ જોતી, તે નિરુત્તર શાન્ત ઊભી રહી.

સ્નેહભરી ચિન્તાતુર આંખે તેના ભણી જોતો રાજા તેની પાસે જ ઊભો હતો. અને આ વખતે પ્રકાશ લુપ્ત થઇ અન્ધકાર ધીમે ધીમે જામતો હતો, કેમકે અસ્તાચળની પાછળ સવિતાનારાયણ અદૃશ્ય થયા હતા, અને દિનપતિ દૂર જાય એટલે એના રાજ્યમાં ધીમે રહીને ઘૂસી જવાના વિચારથી

પૂર્ણચન્દ્ર ચોરની પેઠે નદીને પેલે પાર વૃક્ષોમાં ભરાઈ બેઠો હતો. અને નદીના વ્હેણુ ભણી ઘણે દૂર દક્ષિણમાં એક તારો એકલો ચકચકતો હતોઃ તે નીચે શ્યામ જળમાં, ને ઉપર નીલ આકાશમાં—એમ બેવડો દેખાતો હતો. આકાશમાં મ્હોટાં ચામાચીડિયાં ચૂપકીથી ઊડતાં હતાં, તે જીવન્ત દશાનાં પોતાનાં પ્રિય સ્થાનમાં રાત્રે આવતાં પંખીઓનાં કાળાં ભૂત જેવાં દેખાતાં હતાં. વનમાં દહાડે થતો કિલકિલાટ બંધ થઇ ગયો હતો, અને તેને બદલે રાતનાં તમરાં પોતાનો શોર મચાવવાની તૈયારી કરતાં હતાંઃ અને અન્ધારા વૃક્ષોની ચારેગમ આગિયા ઊડાઊડ કરવા લાગ્યા હતા. અને આટલી બધી વાર બંધાઈ રહ્યાથી ગભરાએલા ને જવાને અધીરા થઇ ગએલા ઘોડાનો હણુહણાટ તથા પગના પછાડા રાજાને કાને પડયા.

૭

પ્રદોષ

અને હજી પણ તે હાલી ચાલી નહિ, તેથી થાકીને રાજા બોલ્યો. તેણે કહ્યું: મ્હાલી, તને શું થયું તે સમઝાતું નથી, છતાં તારૂં જરા પણ દુઃખ ઓછું થતું હોય તો હું મ્હારો જીવ આપવાને તૈયાર છું. દહાડો આથમી ગયો છે અને સ્હેજ વારમાં રાત પડશે. મ્હારો ઘોડો હણહણે છે અને જવાનો વખત થયો એમ સૂચવે છે, તે તું નથી સાંભળતી ? છતાં મ્હારી ઇચ્છા હોય તોપણ મ્હારાથી તને મૂકીને જવાશે નહિ. વળી એક વાર હું તને પૂછું છું, આ ઘોર વન તજી તું મ્હારી સાથે નહિ આવે, અને આજની પેઠે મ્હારી જોડે હંમેશ રહી આનન્દ નહિ કરે ? કારણ કે આપણા આજના

સમાગમમાં મ્હારૂં હૃદય તદન તારે જ વશ થઈ ગયું છે, તેમાં સર્વત્ર તારી મૂર્તિ બિરાજે છે, તેમાં તલ માત્ર જગા રહી નથી, અને તેમાંથી તારા સિવાય બીજું બધું જ બહાર સરી જઇ વિસારે પડી ભૂસાઇ ગયું છે. મ્હને તો એમ લાગે છે, કે આપણું ઓળખાણ એક કલાકનું નથી પણ હઝારો વરસનું છેઃ અને પૂર્વના અનેક જન્મોમાં આપણે રાજારાણી હઇશું, ને અન્યોન્યની અપૂર્વ આસક્તિને બળે આ જન્મમાં પણ આપણો સમાગમ નિર્મિત થયો હશે એમાં સંદેહ નથી. મ્હેં કહ્યું હતું તેમ હું તારૂં જીવન સર્વથા સુખી કરીશ, અને વિશેષમાં હું તારાં માબાપની ગરજ પણ સારીશ; વળી દર્પણ-માં પડતા તારા પ્રતિબિંબની પેઠે હું તારી છાયા-રૂપ થઇશ, તારા સુખે સુખી ને તારા દુઃખે દુઃખી થઇશ. તારા પિતાને અને આ વનને તજી જવું તને ગમતું ના હોય, તો તેનો ઉપાય છેઃ તું કહીશ તેટલી વાર હું તને અહીં પાછી લાવીશ. અને

આપણે આ ન્હાના મન્દિરને એક પ્રીતિકુંજ જેવું બનાવી દઇશું, જીવનપર્યન્ત તેના દર્શને આવીશું, અને આ પ્રમાણે જે ક્ષણે આ અરણ્યના અદ્‌ભુત અંધકારમાંથી મ્હારા તરફ જોતાં તારાં બે મ્હોટાં નીલોત્પલ* જેવાં નયન મ્હેં દીઠાં, તે ક્ષણનું મ્હને સદાસર્વદા સ્મરણ રહેશે.

એટલામાં એકાએક તેની આંખમાંથી દડદડ આંસુ પડવા માંડયાં. અને ડસકાં ખાતી તે બોલીઃ તને આવ્યાં વાર થઈ નથી, પણ તારે હવે અહીંથી રસ્તે પડવું પડશે જ. આ વનમાં આવી તેં શા માટે મ્હારૂં જીવન ધૂળ મેળવ્યું ? કેમકે તારાં દર્શન થયાં ન્હોતાં ત્યાં સુધી હું સુખી હતી, અને આ નદી પુષ્પો ને વૃક્ષો જોઇ મઝા માણતીઃ પણ એ બધાં હવે મ્હને દુશ્મન જેવાં લાગે છે. તું જાય તે મ્હારાથી ખમાતું નથી, અને તારા વગર મ્હારાથી રહેવાશે નહિ; છતાં તું અહીં રહે એમ મ્હારાથી

* ઉત્પલ=કમળ.

કહેવાય એમ નથી, ને વન છોડી તારી જોડે અવાય એમે નથી. એટલે રાજા નિરાશ થઇ બોલ્યોઃ અરેરે ! કેમ અવાય એમ નથી ? તેણે કહ્યું: મ્હારા પિતા કહે તેની સાથે મ્હારે પરણવું જ પડે. પણ અકસ્માત તું અહીં આવી ચડયો, ને તેં મ્હારૂં હૈયું હરી લીધું: તને જોઈ હરખઘેલી બની તને નિહાળતાં ને તારી વાણી સાંભળતાં તારા સિવાય બધું જ હું વીસરી ગઇ; પણ પિતાનું નામ લેતાં તે બધું એકદમ યાદ આવ્યું. અને હવે આ વનમાં મ્હેં તને દીઠો એ એક દુઃખની વાત થઇ પડી. હવે બધું પતી ગયું, બધું પલટાઇ ગયું, અને મ્હને અહીં મૂકીને તારે એકદમ ચાલ્યા જવું જોઇએ. જાણે તને દીઠો જ નથી એમ, બનશે તો, મ્હારા મનને હું સમજાવીશ. મ્હારા પિતાનું વેણ મ્હારાથી ઊથાપાય નહિ, અને તારી જોડે સંસર્ગ રાખી મ્હારા કુળને કલંક લગાડાય નહિ; કારણ કે બીજા એક પુરુષ સાથે મ્હારો વિવાહ નક્કી થઇ ચૂકયો

છે. રાજા બોલી ઊઠ્યોઃ અરે ! એમ બને જ નહિ. ખરેખર તું લવરી કરે છે. અથવા, અનામત મૂકેલી થાપણુની પેઠે તારા પિતાએ તને સાચવી રાખી છે, તે કોને માટે હશે વારૂં ? પછી મનમાં બોલ્યોઃ તે કોણ છે એટલું માત્ર જણાય, તો પછી તે ગમે તે હશે ને ગમે ત્યાં હશે પણ હું એને શોધી કહાડીશ, પ્રેતલોકમાં મોકલી દઇશ, અને આ કન્યા વરીશ.

તેણે ઉત્તર દીધોઃ ઉત્તર દિશામાં ઘણે દૂર, આ વનના પ્રાન્તભાગમાં, રુદ્રાલક નામે એક રાજા રાજ્ય કરે છેઃ તે એક દિવસ આ વનમાં આવશે ને મ્હને પરણુશે. કારણુ કે, આ કન્યા સમઝણી થાય ત્યારે કોને દેવી, એના ઉત્તર તરીકે ઘણા કાળ પૂર્વે મ્હારી માતાએ પિતાજીને એવો ખુલાસો કર્યો હતો. આ વિષયમાં મ્હારી માએ ઇન્દ્રની સલાહ લીધી હતી, અને ઇન્દ્રે ત્રિકાળજ્ઞાની મહેશ્વરને પૂછ્યું હતું. મહાદેવજી કેમ છેતરાય, અથવા એમણે

ભવિષ્ય ભાખ્યું તે કેમ અન્યથા થાય ? અને હવે હું બરાબર સમઝી કે તારી સાથે લેશ પણ સંપર્ક રાખ્યાથી મ્હેં પાપ કર્યું છેઃ અને તારા દર્શનથી •પ્રમત્ત બની મ્હેં મ્હારા ઊંચ વર્ણ વિરુદ્ધ આચરણ કર્યું છે; કેમકે હું બીજાને વરાઈ ચૂકી છું. માટે હવે તારે તો સત્વર અહીંથી ચાલ્યા જવું, અને આ વનમાં તેં કદી મ્હને જોઇ જ નથી એમ માનવું, એટલુંજ બાકી છે.

તે બોલતી હતી ત્યારે રાજા અચરજ પામતો તેની પાછળ હજી પણ ઊભો હતો, અને તેનું હૈયું એકદમ હલકું થઈ ગયું હતું. તે રોતી હતી ત્યારે ગર્વ ને આનંદથી તે તેને નિહાળતો હતો; અને પછી મનમાં બોલવા લાગ્યોઃ નિઃસંદેહ એ કુલીન છે, અને એના કુળને શણગાર રૂપ છે, અને શુદ્ધ સાચા હીરા જેવી છે; કેમકે પોતાની ઇચ્છા વિરુદ્ધ થઈને પણ, એ પોતાના ધર્મને વળગી રહે છે અને મ્હારી સાથે આવવાની સાફ ના કહે છે. પણ હું કોણ છું

તે હું એને કહું તે પહેલાં વળી એક વાર અગ્નિમાં સુવર્ણની પેઠે એને તાવી જોઉં. પરંતુ કદાચ એ ડગી જાય તો ? તો હું એને માફ કરીશઃ કેમકે મ્હારા તરફ તે ઢળી પડે ને હારી જાય તો એમાં એનો શો વાંક વારૂં ? પણ એ દૃઢ રહે અને મ્હને પત ના કરે, તો મ્હારી ખાતરી થશે કે મ્હારૂં મોતી અણુમોલ છે, મ્હારૂં લીલમ ડાઘ વગરનું છે.

પછી તે મ્હોટેથી બોલ્યોઃ જા, જા, જોયો તારો રુદ્રાલક ! તે આપણા આનંદઆરામ+ પર પ્રકાશતા સૂર્યને છાઇ દઇ એકાએક પ્રગટ થતા ભયંકર શ્યામ ઘન સમાન છે, અને વિઘ્નરાજ* જ દૂર કરી શકે એવા વિઘ્નરૂપ છે. પણ એ રુદ્રાલક, ગજાનન ને પુષ્પધન્વાના એકત્રિત બળને હઠાવી શકશે ? અને જેનું માત્ર નામ જ તને ખબર છે, જેને તેં હજી નજરે દીઠો પણ નથી, એવા પુરુષને મ્હારી ખાતર તારે વિસારવો જોઇએ નહિ ?

+ આરામ=બગીચો.

* ગણેશ.

વળી, એવો પુરુષ કોઈ છે કે નહિ એ પણ કોણ જાણે ? કદાચ તારા પિતાને સ્વપ્ન તો નહિ આવ્યું હોય, અતિશય કૃશતાને લીધે થતી નબળાઈથી તેમના અવસ્થાવાળા ચિત્તનો ભ્રમ તો નહિ હોય ? અને એમ હોય, તો તું મ્હારૂં ને તારૂં બંનેનું સુખ એક સ્વપ્ન કાજે જતું કરીશ ? પછી એક ક્ષણ ઊભો રહી તે બોલ્યો : જો, તું ઢચુપચુ છે, સ્હામસ્હામે વાતી લ્હેરોથી હાલતા ફૂલની પેઠે તું ધર્મ ને પ્રેમની વચ્ચે હિંદોળે ચડી છે. તું એક ફૂલ છે, અને એક ફૂલ જ તારો ન્યાય કરશે. તારા હૃદયની પાસે ઘણા સમયથી રહેતું, અને તેથી તેનું હાર્દ સમઝતું, તેના રાગે રંગાએલું આ રક્ત કમળ તારૂં ભવિષ્ય ભાખશે. એમ કહી તે તેના ઉપર બાંકો વળ્યો, અને તેનો સ્પર્શ કર્યા વગર તેની છાતી પરનું કમળ બહુ ધીરેથી તેણે હાથમાં લઇ ખેંચી લીધું : તે વખતે તે જરાએ બોલી નહિ. પછી તે બોલ્યો : એક દળ તારૂં ને એક દળ

મ્હારૂં. પહેલું તારૂં ને પછી મ્હારૂં, એમ હું એકેક દળ ચૂંટીશ, અને છેલ્લું તારૂં આવે તો તું અહીં રહેજે, ને હું તારા વગર ચાલ્યો જઇશ: પણ છેલ્લું મ્હારૂં આવે, તો પત્ર ચૂંટી લીધા પછીની દાંડીની પેઠે તું રુદ્રાલકને તજી દેજે, અને તેને ભૂલી મ્હારી પત્ની થઇ મ્હારી સાથે આવજે.

પછી તે રક્ત કમળનાં દળ એકે એકે તેણે ચૂંટવા માંડયાં, અને આ તારૂં, આ મ્હારૂં, એમ બોલતાં બોલતાં જમીન પર ફેંકવા માંડયાં. તે આમ કરતો હતો ત્યારે આંસુભરી આંખે તે તેને નિહાળતી હતી, એટલામાં એક જ દળ બાકી રહ્યું. તે તેના ભણી ધરી તે સ્મિત કરતો બોલ્યો: આ મ્હારૂં. એટલે એકદમ તે હસી પડી, પણ તેના હાસ્યમાં શોક ને ક્રોધ ભળેલા દેખાતા હતા. પછી તે મ્હોટેથી બોલી: અહા! તું કપટી છે ને બહુ ક્રૂર છે. આ કમળને સોળ જ* દળ હતાં અને છેલ્લું તારૂં

* કમળને આઠ કે સોળ જ દળ હોય એવો સંસ્કૃત કવિઓનો સંકેત છે.

જ આવશે, એમ તું જાણતો જ હતો. તું નિર્દય બની મ્હારી વેદના શામાટે લંબાવે છે ? અને લાલચ બતાવી મ્હારો સંકલ્પ ડગાવવાનો અપ્રમાણિક યત્ન શામાટે કરી રહ્યો છે? છતાં જો હું ડગીશ, તો તને લાભ થશે તોપણ તું જ મ્હને ફૂટ કહીશ. માટે જા, જલદી જા, કદાચ મ્હારાથી તારી સાથે નહિ અવાય. આમ બોલતાં બોલતાં તે કુમુદ કરતાંએ ફીકી પડી ગઇ અને લથડીઆં ખાવા મંડી. તે ઝાડને અઢીંગી ઊભી રહી, તેની આંખો ચાંદનીમાં ચળકવા લાગી, અને તે શાંતિથી બોલી: ચાલ, જા, હવે; તારો ઘોડો લઇ ચાલ્યો જા; સત્વર ચાલ્યો જા : કેમકે મ્હારો સંકલ્પ ઘણો કઠોર છે અને તે મ્હારાથી હવે ઝાઝી વાર જીરવાશે નહિ. વળી, પરસ્ત્રીને લલચાવવામાં તને પણ કલંક લાગશે.

રાજા તો સાનન્દાશ્ચર્યથી તેના ભણી જોઈ જ રહ્યો. અને વિચારવા લાગ્યો : અરે ! પૂજ્યભાવથી

મ્હારા બોલ ઝીલી લેનારી વનની ભોળી બાળા ક્યાં, અને મ્હને ‘ તું ચાલ્યો જા ’ કહેનારી આ સુ-શીલાભિમાની અવમાનિત પ્રતાપશાલી રાજ્ઞી ક્યાં ? એના સમક્ષ હું એક અપરાધી જેવો ઊભો છું, અગરજો મ્હારો પ્રયત્ન નિષ્ફળ થવાથી હું મનમાં હરખાઉં છું. આ પ્રમાણે, તે ચન્દ્રિકામાં ચળકતા *વામાંગીના દિવ્ય તેજથી મોહિત થયો હતો અને તેને પગે પડી પ્રણામ કરવા જતો હતો, એટલામાં એકાએક હવામાં થતો કંઈક ઝીણો ખડખડાટ તેને કાને પડયો. તેણે કાન માંડયા, અને એકદમ તેનો ઘોડો હણહણવા મંડયો; કેમકે ઘોડાનાં પગલાં ને ખરીઓ-નો ખડ્ડૂક ખડ્ડૂક અવાજ સંભળાવા લાગ્યો. તેમણે જોયું તો વનમાંથી ઘોડેસવારની એક ટુકડી તેમના ભણી આવતી દેખાઈ; અને એક ક્ષણમાં રાજાના અનુચરો તેમની છેક પાસે આવી પહોંચ્યા.

---

* વામાંગી=સુન્દર અંગોવાળી.

૮

એટલે એકદમ ચીસ પાડી અલિચુંબિતા પાછી ધપી, આકુળવ્યાકુળ થઇ છેક નદીને તટે જઇ ઊભી રહી, અને રાજા ને અનુચરો ભણી વારાફરતી નજર ફેરવવા મંડી. અતિશય હર્ષથી રાજા તેને નિહાળવા લાગ્યો, અને મનમાં બોલ્યો : મ્હારા અનુચરોએ રંગમાં ભંગ કર્યો છે, પણ મ્હારે એમને ક્ષમા કરવી યોગ્ય લાગે છે. કારણ કે આ સમયે આ સુન્દરી માર્ગ રોકી ઊભેલા શિકારીઓની સ્હામે થતી હરણી સમાન શોભે છે; તેનું પ્રત્યેક લલિત અંગ કંપે છે ને હમણાં જ મારવા તડશે એમ દીસે છે; અને તે પોતાની દેદીપ્યમાન રોષભરી મુખાકૃતિથી જાણે આ અનુચરોના પેટમાં ફાળ પાડતી હોય, મદમાતાં છતાં બ્હીકણ નેનની

ગર્વભરી ચમકથી તેમને સતાવતી હોય, અને ઉર્જ્વળ ઉરના દીર્ઘ કંપે સુસ્પષ્ટ જણાતા મૂર્તિમાન સુભગ સંક્ષોભથી તેમને જાણે મંત્ર વડે મોહિત કરતી હોય એવી દેખાય છે. વળી, મ્હારા અનુચરોનું મન પણ ડગુમગુ થયું લાગે છે : તેમને મ્હારે માટે ઘણું માન છે ખરૂં, છતાં તેમની બધી માનવૃત્તિ આ સુન્દરી ભણી વળી જાય ને તેઓ આ મનોરમ કનકલતિકામાં પ્રકટ થતી દેવીને ભક્તિભાવથી નમન કરે એમાં નવાઈ નથી. ખરે ! શ્રી એ જ ત્રિલોકીની અધિષ્ઠાતા દેવી છે, અને બાકીનું બીજું બધું ખોટું, ઢોંગી, ખાલી, ને ડોળી છે. કેમકે મ્હારા અનુચરો મ્હને ઓળખતા ના હોત, તો મ્હને હિસાબમાં લેખત નહિ; પરંતુ તે બધા જ આ મ્હારી દયિતાના દિવ્ય દર્શનની જરા ઝાંખી થયામાં જ, મ્હારી પેઠે, તેના દાસ થઈ ગયા છે.

પછી અનુચરો ઘોડેથી ઉતરી રાજા પાસે સવિનય ઊભા રહ્યા, ત્યારે રાજાએ મુખ્ય શિકારીને

બોલાવ્યો. અને તેને કહ્યું : તમે બધા કોણ છો તે આં સુન્દરીને કહો. એટલે તે શિકારી માનભેર બોલ્યો : દેવી, અમે રાજા રુદ્રાલકના રાજનિષ્ઠ અનુચરો છીએ: આખો દિવસ વનમાં શોધતાં શોધતાં હમણાં તેમની અમને ભાળ લાગી છે; અને અમારા ઓચિન્તા આવવાથી કાંઇ ખલેલ થયું હોય તો ક્ષમા માગીએ છીએ. પછી રાજાએ કહ્યું : હવે જાઓ, મ્હારો ઘોડો પણ લેતા જાઓ, અને થોડે દૂર જઇ મ્હારી રાહ જુઓ : હું બૂમ પાડું તો સંભળાય એથી દૂર જશો મા. એટલે બધા શિકારીઓ ચાલતા થયા, અને જતાં જતાં રાજાની સખી ભણી છાનીમાની નજર કરતા ગયા, અને વનમાં પાછા અદૃશ્ય થઇ ગયા.

તે ગયા એટલે રાજા ગભરાટ ને અચંબામાં ડૂબેલી અલિચુંબિતા ભણી સ્નેહભરી આંખે જોતો ક્ષણભર શાંત ઊભો રહ્યો. અને પછી બોલ્યો : નીલનેની, બધી વાત સાંભળી કે ? અને હવે તારા

ધર્મ પ્રમાણે પિતાની આજ્ઞા પાળી મહાદેવનું વચન ખરૂં પાડીશ કે? અને તારા ખરા પતિ સાથે જઇ તેની રાણી થઇ રહીશ કે? કે હજીએ રુદ્રાલકની બ્હીક લાગે છે? અરે! મ્હેં તને તાવી જોઈ એ મ્હારો અપરાધ ક્ષમા કર: ખરેખર મ્હને હવે પસ્તાવો થાય છે. કારણ કે મ્હારી લાલચોને તું વશ થઇ નહિ, અને તેથી તારૂં અનુત્તમ લાવણ્ય તેના શુદ્ધ અન્તસ્તત્ત્વને લીધે બમણું મનોહર બન્યું છે. આ સાંભળી તેના મ્હોંનો રંગ બદલાવા લાગ્યો, પ્રથમ રાતો થયો, ને પછી ધોળો પડી ગયો, જાણે તેના મુખ પર ફરી વળેલું લોહી પતિદર્શનથી ઊપજેલી લજ્જાને લીધે, પેલા શિકારીઓની પેઠે, તેના હૃદયવનમાં પાછું જતું રહ્યું: અને આ સ્થિતિમાં એક ક્ષણ ભર તે ઊભી રહી. પછી તેણે તેનો હાથ ઝાલ્યો, એટલે તેણે રાજાના વિશાળ વક્ષઃસ્થળમાં પોતાનું મ્હોં ઢાંકી દીધું, અને હર્ષનાં આંસુ સારતે સારતે તેના હૃદયમાં અમી સરખાં આંસુનો વરસાદ

વરસાવ્યો. આ પ્રમાણે તે શાંત સ્થળે બંને એકઠાં ઊભાં હતાં, અને રાજા ધીરેથી તેના કાળા કેશ પર ડાબો હાથ ફેરવતો હતો. છેવટે તે બોલ્યો : મ્હારી મીઠી રાણી, એક દિવસમાં તો તેં ઘણા પુરુષો જોયા. રાજાથી માંડીને એ બધાય તારા સેવક છે એમ જાણજે.

એટલે એકદમ તેણે મ્હોં ઊંચું કર્યું, અને સ્મિત–અશ્રુ—લજ્જા—ક્રીડા–નીલિમા–તરલતા–ભરી આંખે રાજા સ્હામે જોયું. અને બોલી : એ બધા પુરુષો મ્હેં જોયા ત્યારે મ્હારા મનમાં શું આવ્યું હશે તે કહે જોઈએ. તેણે કહ્યું : શું ? તે બોલી : મ્હારા મનમાં એમ આવ્યું હતું કે આ બધા પુરુષો આના જેવાના સેવક થવાને જ યોગ્ય છે : અને મ્હેં પ્રથમથી ધાર્યું હતું તેમ મ્હારો પુરુષ સર્વ પુરુષોમાં ઉત્તમ છે. આટલું બોલી તે અટકી ગઈ, અને વળી ધીરે સ્વરે બોલી : હવે તું કહે તો પેલા તારા પ્રશ્નનો ઉત્તર દઉં. રાજાએ પૂછ્યું : કયો પ્રશ્ન ?

તે બોલી : યાદ નથી ? તેં મ્હને પૂછ્યું હતું, કે આખા જગતમાં તું જેની પાછળ પાછળ ખુશીથી જાય તે કેવો હોય વારૂં ? હવે તું સમઝી ગયો, કે હું કહું ? એટલે રાજા તેના પર ઢળી પડયો, અને તેને પોતાના સબળ બાહુપંજરમાં રાખી સ્હેજ નીચી નમાવી દીધી; અને તેણે નયન મીચ્યાં એટલે તેના કંપતા ઓઠે ચુંબન કર્યું, ત્યારે અન્ય ઓઠના સ્પર્શથી તે સ્હેજ સંકોચ પામ્યા. થોડી વાર પછી તેણે જોયું તો પોતાની તળે ઊભેલી પત્નીનાં નેનમાં આકાશનું પ્રતિબિંબ દીઠું, અને સ્હેજ દૂર ચન્દ્રિકાથી ચળકતી ભૂમિ પર પરસ્પર ભેટતા બંનેના કાળા પડછાયા દીઠા. એકદમ તે તરફ આંગળી કરી તેણે કહ્યું : જો, તારો અભિલાખ પૂરો થયો છે: આ તારો પડછાયો જીવન્ત બન્યો છે. એટલે તેણે તેને ગળે બંને ભુજ ભેરવી નીચો નમાવ્યો ને પ્રતિચુંબન કર્યું. પછી બોલી : મ્હારો પડછાયો નહિ, પણ હું પોતે જ જીવન્ત બની છું, અને મ્હને જીવન્ત કરનાર તું જ છે.

મ્હને અહીં મૂકીને તું ચાલ્યો ગયો હત, તો હું હમણાં જીવતી હોત નહિ: કેમકે એકલી પડતાં જ હું આ નદીમાં પડતું મૂકત. રાજાએ સ્મિત કરી કહ્યું: હું ન્હોતો કહેતો કે તું નદીમાં અલોપ થઈ જાય એવો મ્હને ભય રહે છે? તે હસી પડી ને બોલી: લાવ હું જોઈ આવું. બંને જણ ક્ષણભર સ્હામસ્હામે જોઇ રહ્યાં અને વણનિમિત્તે હસી પડયાં. પછી અતિ સ્નેહથી પરસ્પર અલિંગન દીધું, અને રાજાએ કહ્યું: મ્હને ફરીથી એક વાર ચુંબન કર. તેણે તેમ કર્યું. એટલે તે બોલ્યો: વળી એક વાર, વળી એક વાર. આમ તેણે ચુંબન કર્યાં જ કર્યાં અને રાજા રસ પીધે જ ગયો, અને રાત્રી વીતી ચાલી.

અન્તે તેણે કહ્યું: હવે મ્હારે મ્હારી લક્ષ્મી મ્હારી સાથે જ લઈ જવી જોઇએ, કેમકે તું હવે તારા પિતાની મટી મ્હારી થઇ છે. વળી પાછાં આવીશું ત્યારે તારા પિતાને ખબર કરીશું, પણ હમણાં તો હું તને લઇ જ જવાનો, કારણ કે હું તારાથી

બિખૂટો પડવાનો નહિ. તે બોલી : તને ગમે તેમ કર; માત્ર મ્હને એકલી મૂકીશ નહિ. તે બોલ્યો : નીલનેની, તેં આજ પહેલવ્હેલો જ ઘોડો જોયો, પણ ચાલ હવે તને ઘોડે બેસાડું. તે સ્મિત કરી બોલી : પણ હું પડી જઈશ તો ? તેણે કહ્યું : ગભરા મા. મ્હારા રત્નને હું એકલું ઘોડા પર મૂકું કેમ ? જે ઉમદા ઘોડા પર આજે આ વનમાં એક સવાર આવ્યો, તે જ ઘોડા પર પાછા બે જશે. તેને આજે એટલો શ્રમ પડયો છે કે બીજાનું તો પાણી જ ઉતરી જાય. પણ હવે થોડી વાર અહીં ઊભી રહે; હું હમણાં જ આવું છું. જોજે હો, જળમાં અગોપ થઈ જતી મા. એટલે તેણે મ્હોં મલકાવ્યું, અને બંને જણે વળી એક વાર પસ્સ્પર ચુંબન કર્યું, પણ ધરાયાં નહિ. પછી તે વન ભણી ગયો, ને પોતાના સેવકોને બૂમ મારી. તેઓ આવ્યા એટલે તેની આજ્ઞા પ્રમાણે તેના ઘોડા પર સુંવાળાં બનુસ મૂકી તેને તે સુન્દરીના સત્કાર સારૂ સજ્જ કર્યો. રાજા સવાર

થયો અને બોલ્યો : હું જાઉં છું, તમે પાછળ પાછળ ધીમે ધીમે આવો. અને પછી, નદીતટે તે રાહ જોઈ ઊભી હતી ત્યાં તે જઇ પહોંચ્યો.

તે તેની છેક પાસે આવ્યો ને બોલ્યો : ચાલ તારો ડાબો હાથ લાવ ને તારો નાજુક પગ મ્હારા પગ પર મૂક, એટલે હું તને ઊંચકી મ્હારી આગળ બેસાડી દઉં. તે પ્રમાણે તેણે હાથ લાંબો કર્યો, પણ એટલામાં ઘોડે માથું હલાવ્યું ને પગ પછાડયો તેથી તે પાછી ખંચાઇ, અને રાજાના પગ પર પોતાનો પગ મૂકવાનો લાગ બ્હીતાં બ્હીતાં શોધવા લાગી. આમ ઘોડા ભણી બ્હીકથી જોતી તે ઊભી રહી તેથી રાજાને હસવું આવ્યું. તે બોલી ઊઠયો : આમ કંઈ વળશે નહિ, લાવ બીજો ઉપાય કરૂં. એકાએક તેણે ઘુંટણુ મારી ઘોડાને તેના સંમુખ ફેરવ્યો, અને લગામ છોડી દઇ વાંકો વળ્યો, અને તેને બે હાથે ઝાલી, ઊંચકી, પોતાની આગળ બેસાડી લીધી. પણ તે જ ક્ષણે ઘોડે દોડવા માંડયું, તેથી રાજાએ જમણા હાથે

તેને ઝાલી રાખી ડાબે હાથે લગામ લેવા માંડી, અને પડવાના ભયથી તે તો તેને ગળે જ વળગી પડી. થોડી વાર રાજાએ ઘોડાને દોડવા દીધો, કારણ કે તે ભયાકુળ બાળાનો કંઠાશ્લેષ* એટલો બધો મીઠો લાગ્યો કે તે મનમાં બોલ્યો : અહા ! આ આમ ને આમ રહે તો કેવું સારૂં !

પછી થોડી વારે તેણે ઘોડાની લગામ ખેંચી પકડી ને તેની ચાલ ધીમી પાડી દીધી. કવચિત વૃક્ષની છાયામાં ને કવચિત ચંદનીવાળા માર્ગમાં—એમ વનમાં થઈને ધીમે ધીમે ચાલતાં તેણે લગામ ઘોડાને ગળે સરકાવી દીધી, અને પત્નીને બાથમાં લઈ ચુંબનની આપલે કરવા માંડી, અર્થહીન શબ્દો લવવા મંડયો, અને અંબોડો છૂટી જવાથી વિખરાએલા વાળના સુવાસે ને લાંબી પાંપણોવાળી આંખોના મોહે પૂરેપૂરો મત્ત બની ગયો. એકાએક જાણે તેની આંખે અંધારાં આવ્યાં, બાથમાંથી તે

* કોટે બાઝી પડવું તે.

સરી જતી હોય એમ લાગ્યું, અને તેને બદલે ખાલી હવા જ રહેતી જણાઇ. પોતાની સમક્ષ તેનું મુખ હાલવા ને ધ્રૂજવા લાગ્યું, અને ઓલવાઇ જતા દીવાની પેઠે ભભકભર્યા તેજથી એક ક્ષણ ચળકી અસ્ત થઇ ગયું, અદૃશ્ય થઇ ગયું.

૯

સ્મરણુ અને શોક

અને એક ક્ષણુમાં તેની નજર આગળથી વન ને ઘોડો બંને અલોપ થઇ ગયાં. અને પહેલાંની પેઠે ભુજજુગ્મમાં પત્ની સહિત નીલ આકાશમાં મેઘની માફક પોતે ઊડે છે એમ તેને જણાયું. તે બોલ્યો : અરે ! આમ કેમ ? હમણાં જ વનમાં તું મ્હારી નજર આગળથી નષ્ટ થઇ ગઈ, અને આ આકાશમાં આપણે તો સાથે જ છીએ. પણ હું અબધડી સ્વપ્નમાંથી જાગ્યો હોઉં એમ જણાય છે. અને તું સ્વપ્નમાં મ્હારી સાથે જ હતી ? તેણે કહ્યું : હા. એમ કહેતાં કંપતે હાથે તેણે તેને પકડી રાખ્યો, કેમકે તેને ખબર પડી કે તેમના સમાગમનો અંત આવી રહ્યો છે. અતિશય દુ:ખભરી આંખે તે તેના

ભણી જોઇ રહી હતી, તેવામાં તે બોલ્યો : અરે! આપણે સાથે ઘોડે બેસી પેલા મધુવનમાં રસળતાં રસળતાં ઘેર આવ્યાં, તે તને સાંભરે છે? આપણને હસતાં હસતાં હરખનાં આંસુ આવી ગયાં, તે તને સાંભરે છે? અતિશય શ્રમને લીધે તું આખરે ઊંઘી ગઈ અને હું તને ઊંઘતી ઘેર તેડી ગયો, તે તને સાંભરે છે? તું નિદ્રામાં હતી ત્યારે તારી પાસે બેસી હું તને નિહાળતો હતો, અને તું જાગી ત્યારે અજાણી જગાને લીધે તું બ્હીધી હતી, તે તને સાંભરે છે? બધું તને નવું લાગ્યું ને અપરિચિત લાગ્યું, અને રમકડા જેવી મ્હારી સુન્દર લાડકીને જોતાં હરખમાં ને હરખમાં મ્હેં આખો દહાડો કહાડયો, તે તને સાંભરે છે? જગતને તૃણવત લેખી રાતદહાડો સુખીઆં સંજોગી બની આપણે રાજારાણી રમતાં હતાં, તે તને સાંભરે છે? દિવસે સૂર્ય સમાન ને રાત્રિએ ચન્દ્ર સમાન હોઇ, તું સૌન્દર્યની પ્રભાથી ને સ્નેહની શાંત શીતળ કાન્તિથી મ્હારા અન્ધારા મહેલને નિરંતર ઝગઝગા-

વતી, તે તને સાંભરે છે? મહેલના ખાલી ખંડોમાં તારા કંઠનો પ્રતિશબ્દ થતો, અને તારા હાસ્યનું સુસ્વરૂં સંગીત ખૂણે ખૂણે વ્યાપી રહેતું, તે તને સાંભરે છે? ખંડે ખંડે હું તારી પાછળ પાછળ ફરતો, અને કોઇવાર, હે ઠગારી! તું સંતાઇ જઇને મ્હને પાણી પાણી કરી દેતી, તે તને સાંભરે છે? પેલી છેલ્લી રાત્રિએ હું તારાથી વિખૂટો પડી રણમાં ચડયો, ને જીવ પાછળ મૂકી આગળ ધસ્યો, તે તને સાંભરે છે? પણ અરે! જે દિવસે હું વંટોળિયાની પેઠે આપણા આંગણામાં ધસ્યો, અને મ્હેં તારા મરણના સમાચાર સાંભળ્યા, તે દિવસને ધિક છે!

આમ બોલતાં બોલતાં તેના હૈયામાં તાતી તલવાર ભોકાઇ હોય તેમ એકાએક અંતકરી વેદના થઈ આવી. અને તત્ક્ષણ પત્ની અદૃશ્ય થઇ ગઈ, અને પોતે ખાલી આકાશમાં થઇને ભારે પત્થરની પેઠે નીચે પડતો હોય એમ તેને લાગ્યું. તેણે એક ભયંકર ચીસ પાડી, કેમકે તે સમજયો કે હવે હું

જોસભેર પૃથ્વી પર પાછો જાઉં છું. અને દુઃખ તથા ક્રોધથી ભ્રમિત થઈ વ્યર્થ તરફડિયાં મારતો તે નિરાશાના આવેશમાં મ્હોટેથી કીકીઆરી કરી ઊઠયો: અરે! મ્હારી પત્ની! મ્હારી પત્ની! અરે! પૃથ્વી પર નહિ! અરે! ફરીથી નહિ! એકલો નહિ! એકલો નહિ!

ઉપસંહાર

વિદીર્ણ હૃદય

" The parting of a husband and wife,
Is like cleaving of a heart; one half
Will flutter here, one there."

(ગીતિ)

વિપ્રયોગ દંપતીનો એક હૃદયને ચીર્યા સમાન જ છે:
અર્ધું ફફડે આંહીં, બીજું અર્ધું તહીં ઝુરી જ મરે.

પણ તે દરમિયાન, મહેલના દિવાનખાનામાં રાજા ઊંઘતો હતો અને તેના સેવકો રાહ જોતા બેસી રહ્યા હતા. તેણે ઊંધ્યા કર્યું, અને તેમણે તેને ભોંય પર પથારીમાં કેવળ શાન્ત પડી રહેલો નિહાળ્યા કર્યો.

આમ તેઓ બેઠા બેઠા રાહ જોતા હતા એટલે ધીરે ધીરે દિવસ આથમવા આવ્યો. અસ્તાચળ ભણી એકનિષ્ઠાથી પ્રયાણ કરતા સૂર્યની સાથે સમય વીતવા લાગ્યો. અને આ બધો વખત પેલો વૃદ્ધ વ્હેપારી નિશ્ચેષ્ટ બેસી રહ્યો હતો, નિદ્રાવશ થએલા રાજાના કરતાં પણ વધારે શાન્ત બેસી રહ્યો હતો, ને શ્વાસ સરખોએ લેતો ન્હોતો. આ પ્રમાણે બેસી બેસીને તેઓ થાકયા, અને મરવા જેવા થઇ ગયા, અને તેમની આંખમાં ઘેન ભરાઈ આવ્યું. દહાડો મટી સમીસાંઝ થઈ, ખૂણે ખૂણેથી એકઠું થઈ અન્ધારૂં જાણે બહાર નીકળવા લાગ્યું, અને ત્યાં ઊંઘતા રાજાની ઘોર સિવાય બીજો અવાજ સંભાળાતો ન્હોતો.

એટલામાં, એકાએક વીજળી ઝબૂકે તેમ, તે શાંત ખંડમાં એક ભયંકર ચીસ સંભળાઇ, અને તે ભરતરના ભાલાની અણીની પેઠે પેલા થાકયા પાકયા સેવકોના કાનમાં પેસી ગઈ; કેમકે અતિશય બ્હીકની મારી કોઈ સ્ત્રી મરણચીસ પાડે એવી તે ચીસ હતી. આથી ચમકીને ઊભા થઈ જઈ તેઓ રાજા ભણી જોતા હતા, એવામાં બીજી ચીસ સંભળાઇ, અને વળી ત્રીજી સંભળાઇ. તેમણે પથારીમાં પડેલો રાજાનો દેહ કીડાની પેઠે આમળા ખાતો ને ધ્રૂજતો દીઠો; અને એકદમ રાજા પથારીમાંથી કૂદીને બ્હાર ટટાર ઊભો રહ્યો, અને ભોંય પર ભ્રમિત ચિત્તે નજર ફેરવવા લાગ્યો.

ત્યાં એક બરૂની પેઠે આમ તેમ કંપતો તે ઊભો હતો, પોતાની સ્હામે તાકી રહ્યો હતો, અને ઊઘાડી આંખે પણ કશું દેખતો ન્હોતો; કેમકે અત્યન્ત નિરાશાએ તે આંધળોભીંત બની ગયો હતો. તેનું પ્રત્યેક અંગ કંપતું હતું, કપાળે પરસેવાનાં

ટીપાં બાઝયાં હતાં, અને છળી ગએલી છોકરીની છાતીની પેઠે ઊછળતા ને કંપતા ઉરમાંથી ઊતાવળો કઠોર ને ભારે શ્વાસ નીકળતો હતો. આમ તે ઊભો હતો, અને તે બધા બ્હાવરા બની ગૂપચૂપ જોયા કરતા હતા, અને જાણે પોતાના હૃદયના ધબકારા સાંભળતા હતા.

આ પ્રમાણે સ્તબ્ધ થઈ તેઓ તેને નિહાળતા હતા, તેવામાં તેણે એક બાળકની પેઠે રોવા માંડયું. મ્હોટાં ડસકાં ખાતો નખશિખ ધ્રૂજતો તે મુક્તકંઠે રડતો હતો, ને ભોંય પર અશ્રુ ધારા ચાલી રહી હતી; તે જોઇ જાણે આંસુ આંસુ લાવતાં હોય તેમ બધાંની આંખો ભરાઇ આવી. એકાએક તે રડતો રહી ગયો. અને ઊંચું જોઇ આંસુભરી કરગરતી આંખે તાકી રહ્યો, તે વારે તેની આંખો કંઇક દુર્મિળ વસ્તુને જાણે શોધતી હોય તેવી દેખાઈ.

આમ તેની ક્ષુબ્ધ આંખો જોઇ મૂઢ બની ગૂપ-ચૂપ તેઓ તેને નિહાળતા હતા, તેવામાં તેમણે

તેની દૃષ્ટિમાં વિકાર થતો જોયો, એક દારુણ વિક્રિયા અનુભવાતી જોઇ, અને અન્તે અત્યન્ત તિરસ્કાર, જુગુપ્સા, ને અવગણનાની જ્વાળા તેમાં ભભૂકતી જોઈ. તે આગળ આવ્યો, અને બંને હાથ લાંબા કરી તેણે સંમુખ ઊભેલા બધાનો તિરસ્કાર કર્યો. અને તેમ કરતાં કાંડે પહેરેલાં ચકચકિત રત્નોનો પ્રકાશ તેની નજરે પડયો. ક્ષણભર તે તરફ જોઈ રહ્યો, અને પછી એકદમ બધાં રત્નો હાથેથી બાહુએથી ગળેથી ને છાતીએથી તોડી નાંખવા મંડયો. બધાં પછાડી ભાગી નાંખ્યાં, અનેક માળા ને સાંકળી તડ તડ તોડી નાંખી, અને મહેલના દિવાનખાનામાં મોતી ને માણેક ને બીજું બધું જવાહિર બધે ઊછાળ્યું; અને તેથી ભોંય પર કરા પડતા હોય તેમ ખડખડાટ થઇ રહ્યો. આખરે એકે રત્ન બાકી ના રહ્યું ત્યારે તેણે પહેરેલાં વસ્ત્ર ફાડવા માંડયાં; અને પોતાના બાહુબળે શરીર પરથી ફાડી ફાડી તેનાં ચીથરે ચીથરાં ઊરાડી દીધાં, અને અન્તે તે હાંફતો હાંફતો,

પરસેવાથી નીગળતો, લોહિયાળો, ને જન્મસમયની દિગંબર દશામાં સેવકોની સંમુખ ઊભો રહ્યો.

તેને જોઈ તેઓ બધા સંકોચાતા હતા ત્યારે તે સર્વ ઉપર નજર ફેરવી ગયો, અને તેમ કરતાં એકાએક પેલો વૃદ્ધ વ્હેપારી તેની દૃષ્ટિએ પડયો. તે તે જ સ્થળે જરાએ હાલ્યા ચાલ્યા વગર શાંત બેસી રહ્યા હતો. રાજા તેને જોઇ હસવા મંડયો, પણ તેના હાસ્યમાં ને રુદનમાં નહિ જેવો જ ફેર હતો. પછી બોલી ઊઠયો : અરે ! વૃદ્ધ વ્હેપારી, તું મૂલ્યની રાહ જોતો બેઠો જણાય છે. સ્વપ્ન હવે પૂરૂં થયું, પણ પૈસા આપવા બાકી છે. તારા સ્વપ્નને સાટે મ્હારૂં આખું રાજ્ય ને તેમાંની સઘળી ચીજો હું તને આપી દઉં છું. અને તેમ છતાંએ તને પૂરેપૂરૂં મૂલ્ય અપાતું નથી : કારણ કે આવા સ્વપ્નના સાટામાં આ વિશાળ ત્રિભુવનનું રાજ્ય તને અપાય તોપણ ઓછું છે.

પછી દુ:ખભરી આંખે તેણે હાથ આકાશ

ભણી ઊંચા કર્યા. અને શેઠના મરણથી કુતરો રડે તેમ તેણે એક લાંબી ઝીણી ચીસ પાડી, અને પાછા ફરી તે ખંડમાંથી દોટ મૂકી.

પેલા બધા ભીંત પર ચીતરેલાં ચિત્રોની પેઠે ઊભા જ રહ્યા, અને તેનો પગરવ ધીમે ધીમે કાન પર પડતો બંધ થઈ ગયો. પછી એક ક્ષણમાં તે ખંડમાં કોલાહલ મચી રહ્યો. પણ રાજવૈદ્યે આગળ આવી મ્હોટેથી કહ્યું: મહારાજને ચિત્તભ્રમનો ઊથલો આવ્યો છે, અને હવે સારૂં થાય એમ મ્હને લાગતું નથી. પણ એમને વિખ દેનાર આ બુઢ્ઢા વ્હેપારીને તો આપણે છોડવો જોઇએ નહિ. પકડો ને દંડો એને, મહારાજના ઉન્માદને માટે.

એટલે પેલા બુઢ્ઢાની આસપાસ રક્ષકો ફરી વળ્યા, પણ તે તો હાલે કે ચાલે! પછી ગુસ્સે થઈ મુખ્ય રક્ષક વાંકો વળ્યો અને તેને ઊભો કરવાને દાઢીએથી ઝાલ્યો. પણ અરે! પેલા બુઢ્ઢાનું માથું ધડથી જુદું થઇ જઈ તેના હાથમાં દાઢીએ લટકી

રહ્યું ! બધાએ જોયું તો સૂકા ઝાડના થડ જેવું તે ધડ પોલું ખાલી ને જીવરહિત જણાયું.

મ્હોં વિકાસી, ભયભરી આંખે, બધા સ્હામ-સ્હામે જોઈ રહ્યા. થોડી વારે રાજપુરોહિત બોલ્યો. તેણે ધીરેથી કહ્યું: ખરેખર રાજાનો જીવ લેનાર આ કોઈ વૃદ્ધ રાક્ષસ હોવો જોઇએ. અથવા કોણ જાણે; કદાચ પૂર્વજન્મનાં પાપની રાજાને સ્વપ્ન દ્વારા શિક્ષા કરવાને પ્રભુએ જ આ રૂપ ધારણ કર્યું હોય.

પરિશિષ્ટ

The Stories of F. W. Bain

The history of these fascinating little books, which, to a few readers, have always meant so much, and which are every day becoming better known, is not the least curious in modern literature. On the appearance of "A Digit of the Moon" in 1899, the author's mystifying attributious to a Sanscrit original, and the skill with which he kept up the illusion of translation, completely took in even the best scholars. Later, however, the discovery was made that Mr. Bain, working with a mind saturated in Hindoo Mysticism and lore and Sanscrit poetry, was wholly its author.

To describe the charm and appeal of the stories themselves would be a hard task. They are almost indescribable. There is nothing in English literature at once so tender, so passionate, so melancholy, and so wise. The fatalism of the East, and the wistful dubiety of the West, meet in these beautiful allegories of life, which it is possible to compare only with themselves.

(Methuen & Co. Ltd. London)

The Stories
of
F. W. Bain

The Syrup of the Bees
Bubbles of the Foam
The Ashes of a God
(અનંગભસ્મ)
A Digit of the Moon
The Descent of the Sun
An Incarnation of the Snow
A Mine of Faults
A Heifer of the Dawn
(ઉષાનન્દિની)
In the Great God's Hair
A Draught of the Blue
(નીલનેની)
An Essence of the Dusk

અનંગભસ્મ

પ્રો. બેઇનની The Ashes of a God નામની

કથાનો અનુવાદ

લખનાર

સાકરલાલ અમૃતલાલ દવે, બી. એ.

અનંગભસ્મ એક મનોહર વાર્તા છે. એ નામ તેને કેમ આપવામાં આવ્યું છે તથા તેમાં તત્ત્વજ્ઞાનનું શું રહસ્ય સમાયું છે, તેનું પ્રસ્તાવનામાં નિરૂપણ કર્યું છે. મૂળની રચના જેવી સુઘટિત અને સુન્દર છે, તેવું જ તેનું ભાષાન્તર પ્રૌઢ અને પ્રસાદવાળું છે. અનુવાદમાં પૂરતી ઝીણવટ અને સાવધાની વાપરેલી જોવામાં આવે છે.

અમદાવાદ
૧૩-૧૦-૧૬ } **સહી/કેશવલાલ હર્ષદરાય ધ્રુવ**

'અનંગભસ્મ' વાંચ્યું. ભાષાન્તર સારૂં થયું છે. છૂટક શબ્દદોષ વગેરે વિશે લખવાની જરૂર નથી.

વાંદરા
૧૯-૮-૧૬ } **સહી/ નરસિંહરાવ ભોળાનાથ**

'અનંગભસ્મ' જોઇ ગયો. તમારૂં સાદું ગુજરાતી

વાંચતાં આનંદ થાય છે, કેમકે તમારૂં લખાણ શુદ્ધ પણ છે અને મરોડદાર પણ છે.

મુંબઈ
૧૨–૬–૧૬ } સહી/બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

પુસ્તક હું રસથી વાંચી ગયો. મૂળ સાથે ભાષાંતર સરખાવ્યું નથી, પરંતુ સરળ ગુજરાતી ગ્રન્થ તરીકે વાંચવાનો રસ પડ્યો છે. કથા હિન્દુસ્થાનની છે. શૈલી પણ આપણી જ છે, એટલે ભાષાન્તર દેશજ ગ્રન્થ જેવું સ્વાભાવિક રીતે લાગે જ. છતાં તમારૂં કાર્ય મને ગમ્યું છે. મને આશા છે કે ગુજરાતમાં સર્વત્ર તમારો પ્રયાસ આદર અને પ્રશંસા પામશે.

લીંબડી
૨૧–૬–૧૬ } સહી/ રણજિતરામ વાવાભાઈ

ગુજરાતી ભાષામાં સારી નવલકથાઓ આંગળીને વેઢે ગણાય તેટલી છે. તેથી તેમાં જે કોઇ પૂરતી કરે તેણે આપણા સાહિત્યની ઉત્તમ સેવા બજાવી કહેવાય. 'અનંગભસ્મ'ના કર્ત્તાએ ગુજરાતી વાચકવર્ગને રસિક વાંચન આપ્યું છે. અને તે ખાતે તેમને ધન્યવાદ ઘટે છે.

અંગ્રેજી ભાષામાંથી અનેક વાર્તાઓના તરજૂમા થાય છે. પરંતુ તેમાંના ઘણાખરા આપણા જીવનને અનુકૂળ હોતા નથી. તેમજ ઘણે ભાગે પારસી લેખકોને હાથે થવાથી તેમાં

ભાષાની ક્લિષ્ટતા જોવામાં આવે છે. 'અનંગભસ્મ'ની કથા તો આપણા જ દેશની અને આપણા જ લોકની છે. તેથી આપણાં વાચકોને વધારે પ્રિય લાગે છે. તેમજ તેની ભાષા ઘણી સરળ અને સામાન્ય સ્ત્રીવર્ગ પણ સમજે તેવી છે. તેથી લાઇબ્રેરીઓ માટે તેમજ શાળાઓના ઇનામ માટે આ પુસ્તક ઉપયોગી થઇ પડશે.

આ પુસ્તકના મૂળ ગ્રન્થકારનાં આ જ પ્રકારનાં બીજાં પુસ્તકો છે. તે પુસ્તકના પણ અનુવાદ થશે તો ગુજરાતી સાહિત્યમાં નવલકથાની ખોટ કેટલેક અંશે પુરાશે. આશા છે કે આ વિદ્વાન અનુવાદક એક ગ્રન્થ તૈયાર કરીને બેસી નહિં રહે, અને જિજ્ઞાસુ વાચકવર્ગને સંતોષ આપશે.

અમદાવાદ. સહી/ સૌ. શારદા મહેતા

This translation of Prof. Bain's novel, the Ashes of a God, preserves all the delightfulness and orientalism of the original, and as the translator says, to appreciate its beauty, its reading should be finished at one sitting, otherwise its delicate touches are sure to be missed.

Modern Review August, 1916. } Sd/ K. M. Jhaveri

આખી વાત સહેલી તથા રસવાળી ભાષામાં યોજાઇ છે. રૂઢ ગુજરાતી પ્રયોગો "ઢંડાગાર કરી દે છે" (પાન ૧૨), "બેડો પાર" (પાન ૧૦), વગેરેથી અભડાતા સાક્ષરોની માફક ભાષાન્તરકારે સંસ્કૃત પ્રયોગો મૂક્યા નથી; પણ ગુજરાતી ભાષાને તેનાજ સ્વાભાવિક રસ્તે યથેચ્છ વહેવા દીધી છે; અને એક બાજુએ સાક્ષરતાના ખડબચડા ટેકરા જેવી કાળજીથી બચાવી લીધા છે, તેવી જ ચાલાકીથી બીજી બાજુએ મૂળને વફાદાર રહેવા ઇચ્છનાર ભાષાન્તરકારની કૃત્રિમતારૂપી ખાડાખબોચીઆં પણ સંભાળી લીધાં છે. સપાટ સીધે માર્ગેજ—કુદરતી ચાલથી રા. દવે ચાલ્યા જાય છે, ને તે જ આ ભાષાન્તરની ખરી ખુબી છે.

ઑગસ્ટ, ૧૯૧૬. **સાહિત્ય**

રસિક અનુવાદક ખરી રીતે જ પ્રસ્તાવનામાં લખે છે કે "પ્રકૃત કથાના મુખ્ય મુદ્દા બે છે: (૧) સાચો સ્નેહ અને (૨) સાચો વૈરાગ્ય."

આ વાર્તા જેમ ઇંગ્રેજીમાં તેમજ ગુજરાતીમાં અત્યંત રસિક અને મનોહર શૈલીમાં લખાએલી છે, અને તે વાંચવા અમે સર્વેને સૂચના કરીએ છીએ.

ઑગસ્ટ, ૧૯૧૬. **નવજીવન અને સત્ય**

" વિચારપુષ્પમાળા "

આદ્ય સંપાદક—

નૃસિંહદાસ ભ૦ વિભાકર,

બેરીસ્ટર-ઍટ-લૉ.

વાર્ષિક લવાજમ રૂ. ૧-૧-૦ (પોસ્ટેજ સાથે)

દર વર્ષે ઘેર બેઠાં નાનાં મોટાં સુવિચારથી ભરપૂર ચાર પુસ્તકો ગ્રાહકને મળે છે, તથા બીજાં કેટલાંક પુસ્તકો અર્ધી કિંમતે પણ મળે છે. ત્રીજા વરસની શરૂઆત સન ૧૯૧૭ થી થઈ છે, માટે ગ્રાહક થઈ તુરત લાભ લો. નીચેના સરનામે લખવાથી પહેલું પુસ્તક—આ " **નીલનેની** " રૂ. ૧-૧-૦ ના વી. પી. થી મોકલાશે:—

જીવનલાલ અમરશી મહેતા

સંપાદક-ઠે. પીરમશાહ રોડ; અમદાવાદ.